
॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્ગુરૂભ્યો નમઃ ॥



ૐ

# ॥ વેદ રહસ્ય ॥



## સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય



# વેદ રહસ્ય



સંસ્થાપક : શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૯ / ફેબ્રુઆરી-૨૦૧૭/ અંક-૦૨

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | સંસારમાં આવવાનું <br> રેખાબેન આર. મયાણી |
| ૧૧ | શ્રીમદ્ ભાગવત <br> શર્મિષ્ટા ડી. કોશિયા |
| ૧૩ | કેમ્પનો અહેવાલ <br> પોપટભાઈ એસ. કુકડીયા |
| ૧૩ | બાળ કેળવણી <br> લવજીભાઈ કે. સવાણી |
| ૧૪ | ગોત ગુરૂ મુખ કીજીએ <br> વસંતબેન બાબુભાઈ |
| ૧૪ | માયા કોણ તારી શકે <br> જોસના એસ. પરમાર |
| ૧૫ | તમે શા માટે ચિંતા <br> લેખક – શિવ |
| ૧૬ | કામ, ક્રોધ, લોભ, મોહ <br> હેતલ જે. મોણપરા |
| ૧૭ | જય સચ્ચિદાનંદ <br> દિવ્યેશ વિજયકુમાર દવે |
| ૧૯ | ચૈતન્ય પરમાત્મા <br> લતા અરવિંદભાઈ માંગુકિયા |
| ૧૮ | સંસાર એક મહાસાગર <br> રણછોડભાઈ સાચપરા |
| ૧૯ | સંબંધોના પ્રકાર <br> રમીલાબેન જી. ગાબાણી |
| ૨૧ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ૐ

## શ્રી શङ्करदेशिकाष्टकस्तोत्रम्

विदिताखिलशास्त्रसुधाजलधे । महितोपनिषत्कथितार्थनिधे ॥
हृदयं कलये विमलं चरणं । भव शङ्करदेशिक मे शरणम् ॥

*નિખિલ શાસ્ત્રરૂપ અમૃતનો સમુદ્ર જેમને જ્ઞાત છે એવા હે સદ્‌ગુરો ! પરમપૂજ્ય ઉપનિષદોમાં કથન કરેલા અર્થના નિધિરૂપ અર્થાત સચ્ચિદાનંદ સ્વરૂપ એવા હે જગદ્‌ગુરો ! હું હૃદયમાં તમારા નિર્મળ ચરણકમળોનું ધ્યાન કરું છું. સુખ કરવાવાળા હે શંકરાચાર્ય ગુરો ! તમો મારુ શરણ (આશ્રય) થાઓ; અર્થાત્ હું તમારો આશ્રિત-શરણે રહેવાવાળો છું. માટે મારી વિશ્રાંતિના સ્થાનરૂપ આપ થાઓ*

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



આ રથના રૂપકની કલ્પના કરીને માર્ગદર્શન કરતાં બતાવ્યું કે જે લોકો વિજ્ઞાનવાન હોય જ્ઞાનવાન હોય, મનને જીતેલા હોય અને જેણે ઈન્દ્રિઓને વશમાં કરેલી હોય એ પરમાત્માના પદને પામી જાય છે. અને જે લોકોએ જ્ઞાન નથી પ્રાપ્ત કર્યુ, જેણે મન વશમાં નથી કર્યુ, ઈન્દ્રિયો કાબુમાં નથી કરી એવા પ્રાણીઓ-

**''न स तत्पदमाप्नोति सम् सारं चाधिगच्छति॥७॥''**

॥ १-३-७ ॥

એવા પ્રાણીઓ પરમાત્માના પરમ પદને બ્રહ્મ પદને પામી શકતા નથી. એવા જીવો વારંવાર જન્મે છે ને વારંવાર મરે છે એટલે સંસારને પ્રાપ્ત થાય છે. તો બે તત્ત્વો અનાદિકાળના છે એક **''सम् सरति इति संसार ।''** અને સ્થિર રહે, હંમેશા રહે, અવ્યય રહે, અખંડ રહે, હંમેશા છે છે ને છે. તો બે પદાર્થો છે જે ઈન્દ્રિઓને કાબૂમાં કરે મનને વશમાં કરે, બુદ્ધિને નિર્મળ જ્ઞાનવાન બનાવે એ તો પરમ પદના ભાગીદાર થાય છે. પરમાત્માનો લાભ મેળવી શકે છે જે મેળવ્યા પછી **''यस्माद्भूयो न जायते ।''** ફરીન એને જન્મ-મરણમાં પડવું પડતું નથી. આવું પરમ પદ પરમાત્માનું મહાન દિવ્ય પદ પ્રાપ્ત થાય છે એ જ વાતને ખાસ કરીને ફરીન ફરીન બતાવે છે.

**विज्ञानसारथिर्यस्तु मनः प्रग्रहवान्नरः ।**
**सोडध्वनः परमाप्नोति तद्विष्णोः परमं पदम् ॥ ६ ॥**

॥ १-३-६ ॥

કે બુદ્ધિ જેની સુંદર વિવેકવાન સારથી હોય, મનરૂપી લગામ જેની કાબૂમાં હોય, ઈન્દ્રિયો રૂપી ઘોડા સુંદર શિક્ષિત સંસ્કારી સારે માર્ગે સાત્વિક વિષયો તરફ ચાલતા હોય એવા પ્રાણીઓ પરમાત્માને ત્યાં પહોંચી જાય છે અને **''सोड-ध्वनः परमाप्नोति''** કે એનો રસ્તો પૂરો થઈ જાય છે એટલે ફરીન એને આવા-ગમન રહેતું નથી. એ પૂર્ણ પદને પામી જાય છે. તો ધ્યાનથી યાદ રાખો આઘું જાવાનું નથી કેમ કે પૂર્ણ એને કહેવાય જે બધે હોય હોય ને હોય. પણ ઈન્દ્રિયોના વિષયમાં ભટકતા ભટકતા જીવો પૂર્ણ તરફ ન જતાં અધુરામાં ભાગે છે એનું કારણ કે ઈન્દ્રિયો સ્વભાવીક બહિર્મુખ બનેલી છે. એટલે પેલા બતાવ્યું ને આગળ પણ બતાવશે.

**पराञ्चि खानि व्यतृणत्स्वयंभू -**
**स्तस्मात्पराङ् पश्यति नान्तरात्मन् ।**
**कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्ष -**
**दावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥ २-१-१ ॥**

બ્રહ્માજીએ ઈન્દ્રિયોને બહિર્મુખી બનાવી છે એટલા માટે ઈન્દ્રિયો બહાર બહાર વિષયો તરફ જોવે છે. અંતરાત્મા તરફ પરમાત્મા તરફ જોતી નથી પણ કોઈ ધીર પુરુષો એ ઈન્દ્રિયોને સંયમ કરે **'अमृतत्त्वमिच्छन्'** અને મારે અમર જ સુખ લેવું છે. તો અમર આત્મા છે. અમર પરમાત્મા છે બીજું કોઈ અમર નથી એટલા માટે વિષયોમાંથી ઈન્દ્રિયોને પાછી વાળીને મનને વિષયોમાંથી ભટકતું પાછું વાળી અને પરમાત્મામાં લગાવે. જે ગીતામાં ભગવાને કહ્યું,

**યતો યતો નિશ્ચરતિ મનશ્ચચલમસ્થિરમ્ ।**
**તતસ્તતો નિયમ્યૈતદાત્મન્યેવ વશં નયેત્ ।।**

(શ્રીમદ્ ભગવદ્ગીતા અ.-૬-૨૬)

જયારે જયારે મન નીકળીને વિષય વૃત્તિ કરે ત્યારે એને વિષય વૃત્તિ છોડાવીને બ્રહ્માકાર વૃત્તિ કરાવવી. વાળવું એટલે કાંઈ આકાશ-પાતાળમાં નથી લઈ જવાનું. બે ભાવ છે. એક વિષય ભાવ અને બીજો બ્રહ્મ ભાવ. તો વિષય ભાવ છોડીને બ્રહ્મભાવ ધારણ કરવો એ વાળ્યું કહેવાય. તમે કોઈને વિષય વૃત્તિથી જોવો કે બ્રહ્મવૃત્તિથી જોવો ? અહીંથી મુક્તિ ધામમાં જાવ એટલે આરસ સારા છે. પાણા સારા છે, રૂપ સારું છે એ જોવો કે બ્રહ્મ સારા છે ? તો બ્રહ્મવૃત્તિથી જોવો છો કે આરસ પહાણની નામ-રૂપની વૃત્તિથી જોવો છો ? જેમ ફુલને ફુલ દ્રષ્ટિથી જોવો છો કે ફુલમાં ભગવાન છે એ દ્રષ્ટિથી જોવો છો એમ પ્રત્યેકની અંદર-

**''અખિલ બ્રહ્માંડમાં એક તુ આત્મા,**
**જૂજવે રૂપે અનંત ભાસે;**
**પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા,**
**વૃક્ષ થઈ ફુલ રહ્યો તું આકાશે.''**

(નરસિંહ મહેતા)

તો પરમાત્મા સર્વ રૂપમાં છે. જ્યારે બ્રહ્માકાર વૃત્તિ થાય ત્યારે ઈન્દ્રિયોને વિષયને બદલે બ્રહ્મની અનુભૂતિ થાય અને વિષયાકાર વૃત્તિથી જોવે ત્યારે બધામાં વિષયો વ્યાપી રહેલા છે. તો સર્વત્ર બ્રહ્મ પણ છે ને સર્વત્ર માયા પણ વ્યાપી રહેલી છે. એટલે-

**''માયા પડદો દૂર કરે તો,**
**બ્રહ્મ જણાયે સ્પષ્ટ જોને...''**

**''માયા પડલ પરાં કરો,જેમ દિવ્ય લોચન ઉઘડે,**
**મુને સકલ સૂઝે સેહેજમાં,પરિબ્રહ્મ પરમાત્મા જડે,**
**જેને હીંડું હું ખોળતો, તે મુજને મુજમાં મળે.''**

(દાસ ગોપાળ)

જેને જીવો ખોજે છે એ પોતે પોતાની અંદર મળે એમ છે કેમ કે ઉપનિષદો કહે છે **''તત્ત્વમસિ''** કે 'તે તું છો' તારે બ્રહ્મ જોઈએ તો 'તું બ્રહ્મ છો' તારે આનંદ જોઈએ તો 'તું મુક્ત સ્વરૂપ છો' તારે મુક્તિ જોઈએ તો 'તું મુક્ત સ્વરૂપ છો' તારે શક્તિ જોઈએ તો 'તું શક્તિ સ્વરૂપ છો' યાદ રહ્યું ? બોલો ? જે જોઈએ એ તમારી અંદર છે-

**''તારો પ્રભુ તુજ ઘટમાં બિરાજે,**
**અંતર પટ જોને ખોલી,**
**હૃદયમાં વસ્તુ છે અણમોલી (૨).''**

**''હૃદયમાં જો તપાસીને છૂપાયેલો ખજાનો છે,**
**તું લઈ લે લાવ આવેલો આ અવસર મજાનો છે.''**

તો છૂપાયેલાનો મતલબ છે નામ-રૂપથી જે છૂપાઈ ગયો. જે હાર બન્યો તો સોનાને બદલે લોકો હાર-હાર કરવા લાગ્યા. સોનું સમજતા...કે..

**તારે ઓથે પ્રભુને નથી દેખતો,**
**કુંડળ ઓથે જેમ કનક ઢંકાય,**
**બીજો નથી બોલતો...**
**તું તો દરિયાની લેહેર સમાન છે,**
**લેહેર સમતાં સમુદ્ર દેખાય,**
**બીજો નથી બોલતો...**
**ત્હારે ઠેકાણે પ્રભુને ઠરાવજે,**
**એમ સમજે તો મહાસુખ થાય,**
**બીજો નથી બોલતો...**

(પ્રીતમ દાસજી)

તો જયાં હું છે ત્યાં 'હું' ને નામે પ્રભુ-

**'મૈં જાનુ હરિ દૂર હે હરિ હે હૃદય કી માંય,**
**ટાંટી આડી કપટ કી પાસે દેખત નાઈ'**
**જબ મૈં દેખા તબ હરિ નહિ અબ હરિ હે મે નાઈ,**
**પ્રેમ ગલી અતિ સાંકડી તા મેં દો ના સમાઈ.**

તમે કપડા પહેર્યા છે કે દોરા પહેર્યા છે ? દોરા જોવો તો દોરા છે ને કપડા જોવો તો કપડા છે **''જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ.''** એટલા માટે કારણ દ્રષ્ટિથી જોવો તો દોરા છે ને કાર્ય દ્રષ્ટિથી જોવો તો કપડું છે. એમ જગતને કાર્ય દ્રષ્ટિથી જોવો તો જગત છે ને કારણ દ્રષ્ટિએ જોવો તો બ્રહ્મ છે એટલે નરસિંહ મહેતા તો કહે છે-

**''આદ્ય તું અંત તું મધ્ય વ્યાપી રહ્યો,**
**કાર્યને કારણ તું જ કહાવે;**
**એક અદ્વૈત તું વિશ્વ વ્યાપી રહ્યો,**
**હરિહર બ્રહ્મા એમ ગાવે.''**

તો આવું જ્ઞાન વિજ્ઞાન જેને હોય મન જેણે વશમાં કર્યુ હોય ઘણા શું કહે કે મહારાજ ! સાંભળીએ છીએ પણ મન રહેતું નથી. સાંભળીએ છીએ પણ મન માનતું નથી. મન એમાં રેતું નથી. તો નથી મન રહેતું એટલે જ અભ્યાસ કરીને વારંવાર મનને એમાં

રાખવાની ટેવ પાડવી જોઈએ. **''आवृत्तिरसकृत उपदेशात् ।''** પેલા વારંવાર સાંભળવું. સાંભળીને પછી વારંવાર તેનું મનન કરવું. મનન કરીને નિદિધ્યાસન કરવું એટલે દ્રઢ મનને સ્થિર એમાં કરવું જયાં સુધી મનમાં વિષયની વાસના હોય, જયાં સુધી સંશયો ભર્યા હોય, ત્યાં સુધી મન સ્થિર રહેતું નથી. **''अभ्यास वैराग्याभ्याम् तन्निरोध ।''** મનને કાબુમાં કરવા માટે અભ્યાસ અને વૈરાગ્ય કેળવવો. તો અભ્યાસનો મતલબ છે જ્ઞાનાભ્યાસ કરવો જે ગુરુએ જ્ઞાન બતાવ્યું હોય ઉપનિષદોમાં જે સાંભળ્યું હોય એવા જ્ઞાનનો વારં વાર અભ્યાસ કરવો.

**''तत् कथनं तत् चिंतनं अन्योन्य तत्त्वबोधनं**
**परमविद्धि ज्ञानाभ्यासं....''**

પરમાત્માનું કથન કરવું પરમાત્માનું શ્રવણ કરવું પરસ્પર વાતો કરવી હોય તો પરમાત્માની કરવી. બધામાં દ્રષ્ટિ કરવી હોય તો પરમાત્માની કરવી આનંદ લેવો હોય તો પરમાત્માનો લેવો. બીજે તરફથી મનને પાછું વાળી લેવું.

**બીજે બીજી વાતો રે, સહુ મનથી મેલો**
**ચિતમાં ચેતી ચાલો રે, આ અવસર છે છેલ્લો**
(પ્રીતમદાસજી)

તો વાર વાર એનું કથન, મનન, શ્રવણ એ અભ્યાસ કરતાં કરતાં 'મન ઝીણું થઈ જાય જોને' કે વાર વાર અભ્યાસ કરવાથી મન સૂક્ષ્મ બની જાય. બ્રહ્માકાર વૃત્તિવાળું નિરંતર ભાવ હૃદયમાં થતો જાય તો પછી અંદરથી આનંદની અનુભૂતિ થાય.

**આવે આનંદની લહેર,**
**ભજનમાં આવે આનંદની લહેર,**
**હોય ગુરુજીની મહેર,**
**ભજનમાં આવે આનંદની લહેર...**

**'આવે'** એમ શબ્દ આવે ત્યારે કાંઈ નથી એવું કાંઈ ન સમજવું તો **'આવે'** એટલે અનુભૂતિ થાય. જે અંદર છે જ. જેમ તમે ઊંઘો છો ને ત્યારે સુખની અનુભૂતિ થાય એટલે સુખ નવું આવતું નથી. પણ અંદર જે સુખ છે એની અનુભૂતિ થાય છે. એટલે જે સુખ કયાંયથી આવીને વયુ જાય એ સુખ સાચું નહિ જે હંમેશા છે છે ને છે. પોતાના સ્વરૂપના આનંદની અનુભૂતિ થાય. હૃદયમાં દ્રઢ વિશ્વાસ થાય કે હું આનંદ સ્વરૂપ છું.

**'ચિદાનંદરૂપઃ શિવોહં શિવોહં'**

તો વિજ્ઞાન જેનો સારથી હોય મન બુદ્ધિ જેની બરોબર સારી હોય મન રૂપી લગામ પણ જેની સુંદર સારી હોય તો સંસારરૂપી માર્ગથી પાર થઈને પરમાત્માનું પરમ પદ પ્રાપ્ત થાય છે. **'વિષ્ણુ'** એટલે વ્યાપક પદ મળે છે.

**इन्द्रियादिका तारतम्य**

**इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ।**
**मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान्परः ॥ १० ॥**
**॥ १-३-१० ॥**

હવે, આગળ શ્રેષ્ઠ વસ્તુ શું છે સૂક્ષ્મ વસ્તુ શું છે ! એ બતાવતા સમજાવે છે કે ઈન્દ્રિયોથી પરે અર્થો છે. એટલે વિષયો જે છે એને ખેંચવા વાળી ઈન્દ્રિયો છે અને એનાથી ઉપર પણ મન છે એટલે મન જો તમારું કાબુમાં હોય તો ઈન્દ્રિયો વિષયમાંથી પાછી વળશે. અને મનથી પણ વધારે શ્રેષ્ઠ બુદ્ધિ એટલે મનને પાછું વાળવું હોય તો વાર વાર બુદ્ધિથી વિચાર રાખવો. એટલે સારથી બરોબર સમજુ વિવેકી હોવો જોઈએ. ટૂંકમાં, વિવેક રાખવો. સારમાં જવું કે અસારમાં, સત્‌માં જવું કે અસત્‌માં, ચેતનમાં જવું કે જડમાં, પુર્ણમાં જવું કે અધુરામાં પોતાનામાં જવું કે પારકામાં આ વિવેક હંમેશા જો રાખી મૂકો તો મન અવશ્ય પરમાત્મા તરફ વળશે. કેમ કે પરમાત્મા સત્ય છે ચૈતન્ય છે. આનંદ સ્વરૂપ છે. સુંદર છે અસંગ છે પૂર્ણ છે વ્યાપક છે અને પોતાના છે. જયારે વિષયો અસત્, જડ અને દુઃખરૂપ છે. અનિત્ય અને નાશવાળા છે. એટલે ભગવાને ગીતામાં કહ્યું, **'અનિત્યં અસુખં લોકં'** કે જે અનિત્ય છે તેમાં સુખ નથી. **'અનિત્યં તદેવ અસુખં'** જે અનિત્ય હોય એમાં કોઈદિ સુખ હોતું નથી ને (એ બધું) જડ હોય છે. તો તેમને બધાને ખબર છે કે સંસારના પદાર્થો બધા જડ છે. તો અસત્, જડ અને દુઃખરૂપ પદાર્થોમાં મોહ કરવો એ અજ્ઞાનતા મૂઢતા છે. એટલે વારંવાર એમાંથી સમજીને મન પાછું વાળવું ને વૈરાગ્ય ધારણ કરવો ઉપરામતા ધારણ કરવી. શમ, દમ, ઉપરિતિ, તિતિક્ષા, શ્રદ્ધા ને સમાધાન એ સાધનો વડે જે માનવ પરમાત્માના પદને પામી શકે છે. એટલા માટે મનને સ્થિર કરવા માટે અભ્યાસ કરવો અને દ્રઢ કરવું.

ઈન્દ્રિયો કરતાં મન બળવાન છે અને મન કરતાં બુદ્ધિ સૂક્ષ્મ એટલે બળવાન છે. **''बुद्धि आत्मा महान्परः।''** એટલે મહાન જે આત્મા હિરણ્યગર્ભ એ શ્રેષ્ઠ છે.

**महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः।**

**पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः ॥११॥**

॥ १-३-११ ॥

કે મહતત્ત્વથી અવ્યક્ત સૂક્ષ્મ છે અને અવ્યક્તથી પરમાત્મા પરમ સૂક્ષ્મ છે. **''पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः।''** **''पूर्णत्वात् पुरुषः पूरीदति चेते इति पुरुषः।''** જે પૂર્ણ હોવાથી પરમાત્મા પુરુષ છે અને એનાથી ઉપર જગતમાં કાંઈ નથી. **''अस्मात् परं ना परमं न किंचित्।''** કે જેની ઉપર નીચે કાંઈ નથી એક જ અખંડ બ્રહ્મ છે. ગીતામાંય ભગવાને કહ્યું છે - **''મત્તઃ પરતરં નાન્યત્ કિંચિદસ્તિ ધનંજય'' (ગી.અ.-૭-૭)** ધ્યાન રાખવું કે કાર્ય ને કારણ એક હોય એટલે કોઈ પરે નહિ ને કોઈ અપરે નહિ. એના કોઈ પિતા નહિ ને એના કોઈ પુત્ર નહિ જે છે એ બધુ એકે જ અનેક રૂપ ધારણ કર્યા છે.

**'અનેક રુપ રુપાય વિષ્ણવે પ્રભ વિષ્ણવે'**

**'એકસં ભિદ્યતે ભ્રાંત્યા, માયયા ન સ્વરૂપતઃ।'**

(વિષ્ણુસહસ્ત્રસ્તોત્ર)

કે એક જ સત્ માયાથી જુદું જુદું દેખાય છે. ભ્રાંતિથી જુદું જુદું દેખાય છે. વાસ્તવિક સત્‌માં કોઈ ભેદ થતા નથી. એટલે - **''एकं सत् विप्रा बहुधा वदन्ति।'' (એક જ સત્‌ને વિપ્રો બહુ રૂપથી ને બહુનામથી કહે છે.)** **''एक्सं भिद्यते भ्रांत्या मायया न स्वरुपतः।''** સ્વરૂપથી કદી ભેદ થતો નથી. તો ઉપાધીને લઈને અનેક ભેદ ઊભા થાય છે. જેમ એક આકાશ હોય પણ ઉપાધીથી અનેક પ્રકારના આકાશો ઊભા થઈ જાય. એક જ વસ્તુમાં અનેકતા એક જ સૂર્ય જેમ અનેક જળના કુંડાઓમાં જુદો જુદો દેખાય.

**एक एव तु भूतात्मा भूते भूते व्यवस्थितः।**

**एकधा बहुधा चैव द्रश्यते जलचन्द्रवत्॥**

(બ્રહ્મ બિન્દુ ઉપનિષદ્)

જેમ એક ચંદ્ર હજારો કૂંડાઓમાં જુદો જુદો દેખાય પણ મૂળભૂત ચંદ્ર એક છે. એમ જુદા જુદા અંતઃકરણમાં જુદા જુદા પ્રતિબિંબોને લઈને જીવો પણ જુદા જુદા ભાસિત થાય છે. પણ બધાની અંદર ચૈતન્ય અખંડ બ્રહ્મ એક છે. એટલે -

**''અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્।**

**તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ॥''**

(શ્રી ગુરુગીતા)

**અખંડ સ્વરૂપે હરિને ઓળખ્યા રે,**

**સરીયાં મારાં સઘળાં કાજ રે,**

**સદ્‌ગુરૂને શરણે આવતાં રે.**

(દાસ આનન્દ)

અખંડ પરમાત્માનું સ્વરૂપ ઓળખાય જાય તો બધા કામ સિધ્ધ થઈ જાય. બધાય કામમાં બે કામ મુખ્ય છે. ધ્યાનથી યાદ રાખો સુખ મેળવવું ને દુઃખ કાઢવું. ક્યા કામો છે બે ? બોલો ? ..આખી દુનિયાને પુછો તમારે શું કામ છે ? તો શું કહે ? બોલો ? સુખ મેળવવાનું ને દુઃખ કાઢવુ. યા તો દુઃખ ન આવવા દેવું ને સુખ હંમેશાં રાખવું. બે માંથી ગમે તે બોલો કે અમારું સુખ હંમેશા રહે કોઈ દિ' દુઃખ આવે નહિ. અને જે સુખી હોય એ મહેનત કર્યા કરે કે અમારું સુખ આમનામ બન્યું રહે કોઈ દિ' દુઃખ આવે નહિ અથવા તો દુઃખી એમ કહે કે અમારું દુઃખ વયું જાય હું હંમેશા માટેનો સુખી થઈ જાવ. તો આ બે મોટા કામો છે કે દુઃખને દૂર કરવું ને સુખને પ્રાપ્ત કરવું. એટલે - **''આત્યંતિક દુઃખ નિવૃત્તિ પૂર્વક પરમાનંદ પ્રાપ્તિ મોક્ષઃ।''** અત્યંત દુઃખની નિવૃત્તિ થઈ જાયને પરમ આનંદ હંમેશા રહ્યા કરે એનું નામ છે મોક્ષ. બધા એ ઈચ્છા કરે છે કે અમે દુઃખમાંથી છૂટી જઈએ ને પરમ સુખના ભાગીદાર થઈએ તો એ જ મુખ્ય કામો છે. એના માટે ખેતી, વ્યાપાર, ધંધા દુનિયાના ભજન-સ્મરણ જે કંઈ કરતા હોય દુનિયામાં તો એ બધુ સુખને માટે છે ને દુઃખને દૂર કરવા માટે છે તો અખંડ બ્રહ્મ છે. અખંડ પરમાત્મા છે. એમ સમજી જાવ તો પછી દુઃખ કાઢવાનું ન રહે ને સુખ મેળવવાનું ન રહે ને ફરીન દુઃખ આવશે એ ભ્રાંતિ ન રહે કેમ કે એ અખંડમાં કોઈ દિ' ખંડ થતો નથી. સુખ સ્વરૂપમાં કોઈ દિ' દુઃખ આવતું નથી કેમ કે-

**ક્રમશઃ**

# સંસારમાં આવવાનું કારણ શુ ?

રજુ. રેખાબેન આર. મયાણી
ભાવનગર

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

પરમ આદરણીય, પૂજનીય પરમ કૃપાળુ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષીત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના ભાવનગર મુકામે શ્રી માધવાનંદ આશ્રમે કરેલ સત્સંગ કથા પ્રવચન..

પરબ્રહ્મ પરમાત્માની મહતિ અનુકંપાથી માનવ જન્મ

મળ્યો છે. પરમાત્માએ આપણને માનવ જન્મ પ્રદાન કર્યો છે. શાસ્ત્રકારો કહે છે

લક્ષ્મણે ભગવાન રામચંદ્રને પૂછયુ માનવ શરીરમાં આપણે આવવું કેમ પડયુ ? તો નક્કિ થવું જોઈએ કે સંસારમાં આવવાનું કારણ શું ? કેમ સંસારમાં આવવું પડયું ? અથવા તો દુઃખનું કારણ શું ? ત્યારે રામચંદ્રજી લક્ષ્મણને જવાબ આપે છે, આ સંસારમાં આવવાનું મૂળ કારણ અજ્ઞાન છે. પોતાના સ્વરૂપને જાણવાનું અજ્ઞાન હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? શા માટે આવ્યો છું ? અને સંસાર છોડીને જવું પડશે તો કયાં જવું પડશે ? તે અજ્ઞાન

**'તું કોણને કોણ છે તારું ?**
**કયાંથી આવ્યો ને કયાં જાઉં ?**

એ તત્ત્વને સમજવા તમે આવો સત્સંગ દ્વારે.

વેદો કહે છે ઉઠો અને જાગો. આપણે અંધારામાં છીએ કે અજવાળામાં તે જાણો, જો આપણે ચર્મચક્ષુ (આંખ)થી જોઈએ તો અજવાળામાં છીએ પરંતુ જ્ઞાનચક્ષુથી જોઈએ તો અજ્ઞાનરૂપી અંધકારમાં છીએ. આપણે જ પ્રાર્થના કરીએ છીએ.

**''અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તુ લઈ જા**
**ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તુ લઈ જા**
**મહામૃત્યુથીમાંથી અમૃત સમીપે નાથ લઈ જા''**

હે પ્રભુ અમે અજ્ઞાનરૂપી અંધારામાં છીએ તો જ્ઞાનરૂપી અજવાળા તરફ લઈ જા. અસત્યમાંથી સત્ય તરફ અને મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જા.

સદ્‌ગુરૂનો (સંત)નો એક શબ્દ પણ જો જીવનમાં ઉતરી જાય તો ત્રિવિધીના તાપથી મુક્ત થઈ જવાય.

સંત ટાળે ત્રિવિધીના તાપ કે શબ્દે છુટીએ રે" તેમ આગળ કહે છે

**''સદ્‌ગુરૂના શબ્દ વિચારતા,**
**મટે મોહ માયાને વિકાર બ્રહ્મરસ પીજીએ.''**

સદ્‌ગુરૂના શબ્દ એટલે જ્ઞાન. જેમકે સદ્‌ગુરૂ આપણને આત્માની ઓળખ કરાવતા કહે છે કે પરમાત્મા આપણી અંદર જ છે. પરમાત્માને તત્ત્વથી જાણવા. આત્મા પરમાત્મા એક જ છે. હું આત્માં છું. માટે આત્મભાવ દ્રઢ કરવો. અને દેહભાવ છોડવો. દેહભાવ છોડવાથી ભકિત વડે વૈરાગ્ય થાય છે અને સાંસારિક પદાર્થોના વિશે મોહ, માયાને વિકાર મટી જાય છે અને બ્રહ્મભાવ રાખીને બ્રહ્મરૂપ થઈ જવાય છે. પછી જન્મ-મરણની બીક રહેતી નથી. બ્રહ્મરૂપ થયા પછી જન્મ-મરણના દુઃખથી મુકત થઈ મોક્ષની ગતિ મળનારી છે.

તો જન્મવું અને મરવું એ જ સૌથી મોટો રોગ છે. કર્મ અનુસાર જીવનની ગતિ થાય છે.

પોતાના સ્વરૂપને ન જાણવું તે અજ્ઞાન. જેમ સમજો, અંધારૂ કોને કહેવાય ? જેમ ઘરમાં અંધારુ છે એટલે વસ્તુ ઘરમાં હોવા છતાં ન દેખાય તેનું નામ છે અંધારુ.

**''છે છતી વસ્તુ દીસે નહી, જીવનું જો ને અજ્ઞાન''**
**માયા પડદો મધ્યે પડયો, સમજણ રહી ગઈ છે દૂર**
**કરીએ સદગુરૂની ઉપાસના....**

તેમ પરમાત્મા સર્વત્ર હોવા છતા પણ દેખાય નહિ તેને અજ્ઞાન (અંધારૂં) કહેવાય.

હવે અજવાળામાં રહેવું સારું કે અંધારામાં ? પોતાના સ્વરૂપને જાણવું હું કોણ છું ? કયાંથી આવ્યો છું ? કયાં જવાનું છે ? એ ન જાણે ત્યાં સુધી જીવ અંધારામાં છે. સંસાર છોડીને જવું પડશે તો કયાં જશો ? અમે ગાડીવાળા, બંગલાવાળા, ધનવાન છીએ એમ કહીએ છીએ પણ હું કોણ છું ? એ ખબર નથી.

પોતાના શરીરની ઓળખાણ આપે છે. કયાંથી આવ્યા પૂછે તો કોઈ કહે ઘેરથી અને જવાનું કયાં ? તો કહેશે કે ઘરે પણ પરમાત્મા કહે છે કે સાચુ ઘર કયું ? જવાનું કયાં ? પણ સાચુ સગુ કોણ ? પરમાત્મા. પરમાત્મા પહેલા હતા, અત્યારે છે અને રહેવાના તે જ છે. એટલે મર્યા પછી પણ પરમાત્મા સગા રહેવાના છે. એ જયાં સુધી ખબર નથી ત્યાં સુધી જીવ અંધારામાં છે.

જીવને મરણ વખતે પણ ભગવાનનું સ્મરણ હોય તો પરમાત્મા ભાવને પ્રાપ્ત થઈ શકે છે, કહે છે કે મરણ વખતે જેવી મતિ તેવી ગતિ થાય છે. પરંતુ મરણ વખતે ભગવાનનું નામ યાદ આવે કયારે ? જો જીવન પર્યંત ભગવાનનું નામ લીધું હોય તો તે યાદ આવે. અજામીલે ભગવાનની ભકિત કરી ન હતી તેણે મરતી વખતે પોતાના પુત્રનું નામ લીધું હતુ. "નારાયણ" તેથી પુત્રને યાદ કરતા નારાયણ, નારાયણ બોલાવતા અજાણથી પણ ભગવાનનું નામ નારાયણ બોલાતા તેને મુક્તિ મળી ગઈ. હવે તેણે પરમાત્માની ભક્તિ કરી ન હતી પરંતુ મરતી વખતે પોતાના પુત્રના નામ લેવાને કાજે તેને મુક્તિ મળી ગઈ. પુત્રનું નામ નારાયણ એ

ભગવાનનું જ નામ હતું. આમ મરતી વખતે પણ ભગવાનના નામનું સ્મરણ થાય તો મુક્તિ મળી જાય.

હવે, આજે આપણે કેવા નામ રાખીએ છીએ ? એવા નામ કે જેનો કોઈ અર્થ પણ નથી નીકળતો તો ભગવાનના નામની વાત જ કર્યા રહી ? ભગવાનના નામ જેવા કે રામજી, શામજી, લાલજી, ઓધવજી, કરશન વગેરે. લક્ષ્મી, રૂક્ષ્મણી, સરસ્વતી, ગીતા, ગંગા, જમના, ગોમતી વગેરે..

આપણને આખા દિવસની ઝંખના હોય તે સ્વપ્નમાં આવે છે તેમ જવું ચિંતન હોય તેવું સ્મરણ થાય તેથી ભગવાનનું ભજન કરવું નામ, કિર્તન સ્મરણ કરવું.

વશિષ્ઠજીએ રામને કહયું હતું આ સંસાર એ દિર્ઘ(લાંબુ) સ્વપ્ન છે. વેદની દ્રષ્ટિએ સંસાર સ્વપ્ન સમાન છે. કૈવલ્યમંડૂકઉપનિષદની અંદર મંડુરીકા છે. તેમાં શંકરાચાર્યએ ભાષ્યમાં બતાવ્યું છે કે આદિમાં અને અંતમાં જે ન હોય એ વચલા કાળમાં પણ નથી જ પણ આપણને સાચુ લાગે છે. પહેલા નક્કિ કરો કે સૂર્ય ઉગે ત્યારે ઝાંઝવાનું જળ દેખાતુ નથી અને અસ્ત થાય ત્યારે પણ એ રહેતું નથી પણ વચલા કાળમાં દેખાય છે. પણ એ ખોટું છે દેખાય છે સાચુ પણ એ છે કેવું ? મિથ્યા છે. ખોટું છે જેને મૃગજળ કહીએ છીએ. મૃગલાઓ જેને પીવા દોડે છે અને મળે નહિં ત્યાં સુધી પગ પછાડી પછાડી મરી જાય છે. તો જે આદિમાં નથી અંતમાં નથી તે વચલા ગાળામાં નથી. એવું જ રાત્રિના સ્વપ્નનું છે. સૂતા પહેલા ન હતું જાગ્યા પછી રહેતું નથી તો વચલા કાળ(રાત્રિ) નું સ્વપ્ન પણ મિથ્યા છે એ જ રીતે સો વર્ષ પહેલા આપણું શરીર હતું જ નહિ, અને સો વર્ષ પછી કે વધારે વર્ષ પછી પણ એ રહેવાનું નથી. તેવી જ રીતે જગતનું છે. જગત પહેલા હતું નહિ. સૃષ્ટિના સર્જન પહેલા એક જ સત્ય હતું. પરમાત્મા બ્રહ્મ જે કહો તે. સૃષ્ટીમાં લય થયા પછી જગત રહેવાનું નથી. તો વચગાળાનું સ્વપ્ન જેવું છે. જગત રાત્રિના સ્વપ્ન જેવું છે.

"ખલક સબ રૈન કા સ્વપ્ન" રૈન એટલે રાત્રિ. આવી જ રીતે પોતાનું શરીર મિથ્યા છે. આ વાત સમજાય તો બેડો પાર છે.

આ સંસારમાં આવવાનું મુળ કારણ અજ્ઞાન છે. પણ જો જ્ઞાન થઈ જાય અને જેવું છે તેવું જાણી શકાય તો મુકત થવાય. જન્મ-મરણના ચક્રમમાંથી મુક્ત થવાય અને સંસારમાં ફરી ફરી આવવું ના પડે.

જેમ અંધારામાં દોરડી સાપ દેખાય છે અને અજવાળું થતા તે દોરડી જ છે તે સમજાય ત્યારે અજ્ઞાન દૂર થાય છે અને દુઃખ દૂર થાય છે.

જેમ અજવાળુ કરવા માટે સાધનમાં બલ્બ અથવા બેટરી જોઈએ. બલ્બમાં વીજળી જોઈએ. બેટરીમાં પાવર જોઈએ. સ્વિચ પણ જોઈએ. સ્વીચ ચાલુ કરો. સ્વીચ ચાલુ કર્યા પછી બલ્બ છે પણ વીજળી નથી, તાર કોન્ટેકટ નથી તો અજવાળુ ન થાય. દીવો કરવા માટે કોડીયું, તેલ રૂની વાટ વગેરે જોઈએ. અગ્નિ પ્રગટાવવા માટે બાકસ નથી તો અંધારૂં રહે. તો પૂરેપૂરા સાધન જોઈએ. કાંઈ વગર ચાલે નહિ.

તમે જ્ઞાન મેળવવા માટે સાધન જોઈએ. વિવેક, વૈરાગ્ય, શમદમ આદિ ષટ્સંપત્તિ અને મુમુક્ષુ અધિકારી બનવું જોઈએ.

હવે અધિકારી બનવાની શી જરૂર ? તો કહે છે કે દેડકા આગળ કીચડ અને કમળ હોય તો તે કયાં વળે ? કીચડ તરફ કારણ કે તેને બુધ્ધિ નથી, સમજણ નથી, એટલે કે અધિકારી નથી. જો આપણને બુધ્ધિની અંદર પરમાત્મા સારા છે અને બાકી બધું વિષ્ટા સમાન છે એ સમજાય તેનું નામ વૈરાગ્ય.

સંસારના પદાર્થો આલોકથી પરલોક સુધી કાગ વિષ્ટા સમાન છે. શાસ્ત્રકારોએ કહયું છે સાંસારીક પદાર્થોની ઉપરથી વૈરાગ્ય થાય તો કમળની સુગંધ ભમરો લેવા જાય છે. સંગત સારી કરવી. આપણે દેડકાની જગ્યાએ છીએ આપણી પાસે કમળ સમાન પોતાનો સુંદર આત્મા છે છતાં આપણે સાંસારીક

પદાર્થો કાદવ-કીચડ સમાન છે, તેમાં રહીએ છીએ. આપણું શરીર અંદર તો કીચડ સમાન છે.

આત્મામાં મન રાખવું જોઈએ. કમળ સમાન આત્મામાં મન રાખવું જોઈએ છતાં કયાં રાખીએ છીએ મન ? કાદવ-કીચડ સમાન સાંસારીક પદાર્થોમાં (શરીર) માં રાખીએ છીએ. આ માટે મનની મલિનતા દોષ દુર કરવા માટે નિષ્કામ કર્મ કરવાથી મલિનતા દૂર થાય. નિષ્કામ કર્મ કરવાથી સેવાભાવ, દયા-ભાવ ઉપજે છે. મન નિર્મળ બને છે. હૃદય નિર્મળ થાય છે.

અંતઃકરણ અશુધ્ધ છે ત્યાં સુધી ભગવાનની ભક્તિ કરવાની ઈચ્છા થતી નથી. અંતઃકરણ અશુધ્ધ છે એટલે રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ અને મોહ ભરેલા છે.

**''રાગ દ્વેષ રહયા રૂદિયામાં, અનેક દુઃખ ઉપજાવે,**
**કલ્પદ્રુમ ચિંતામણી સરખી, પ્રભુભક્તિ ન ભાવે રે..**
**જંજાળી જીવડે મુક્તિની ચુક્તિ ન જાણી''**

જો રાગ, દ્વેષ હૃદયમાં હોય તો આપણે ભગવાનના પણ અધિકારી નથી. ભગવાનને યોગ્ય નથી. હૃદયમાં સેવા-ભાવ, દયાભાવ, પ્રેમભાવ, સમભાવ હોય તો હૃદયની સુંદરતા શરીરની સુંદરતા કરતા વધી જાય છે. ભગવાનના અધિકારી બની જઈએ છીએ.

ભગવાન કહે છે, અંતઃકરણ શુધ્ધ કરવા માટે પૂણ્ય કર્મો કરી પાપ કર્મોને ધોઈ નાંખવા જોઈએ. પૂણ્ય વગર સુખ મળતું નથી. પાપનું ફળ છે દુઃખ. દુઃખ કોઈને જોઈતુ નથી, ગમતુ નથી એને માટે ભગાવાને કહયું કામ, ક્રોધ,
લોભ, મોહ, જ જીવને પાપ કરાવે છે. કામ, ક્રોધ, લોભ, મોહ નરકના દરવાજા છે. જયાં સુધી આ હશે ત્યાં સુધી સ્વર્ગના દ્વાર નહિ મળે. હે અર્જુન નરકના ત્રણ દરવાજા છે, કામ, ક્રોધ, લોભ તું એ ત્રણનો ત્યાગ કરી દે. મુળ કહેવાનું છે કે જેણે પૂણ્યકર્મ દ્વારા પાપને ધોઈ નાખ્યાં છે એ પુરુષ મોહથી મુક્ત થઈ દ્રઢ ભક્તિ કરી શકે છે. મનને કોઈ દિવસ ભજન કરવાની ઈચ્છા ન થાય તો તેનું કારણ પાપ આડા આવે છે. અંતઃકરણ મલિન છે. એના માટે સંતો કહે છે,

**''તારા પ્રગટ્યા છે પૂરણ પાપ તને ભક્તિ નથી ભાવતી રે''**
**''પાપ અનેક જન્મના આવી મળ્યા રે તારી મતિ**
**મલિન થઈ મંદ તેમાં ભૂલી ગયો ભગવાનને રે.''**

કામ, ક્રોધ, લોભ, મોહ જયાં સુધી છે ત્યાં સુધી પાપ થવાના છે. અથવા ગૃહસ્થાશ્રમમાં (ખાંડતા, પીસતા, પાણીયારે, ચુલો સળગાવતા, સાવરણીથી) પાપ થઈ જાય છે. તો એના માટે શું કરવું. તો તેના માટે ભગવાન કહે છે, ભકિતના માધ્યમથી અંતઃકરણ શુધ્ધ કરી શકાય છે. સેવા, દાન, વ્રત, જપ, તપ, ઉપવાસ, ધર્મ વગેરે કરી અંતઃકરણ શુધ્ધ કરી શકાય છે. આ રીતે ભક્તિ કરતા, સંતોના સમાગમથી જ્ઞાન થાય છે. ભક્તિ કરવાથી રૂપિયાવાળા થવાતું નથી. ભક્તિનું તાત્પર્ય છે ભક્તિ વધે તો જ્ઞાન થઈ શકે.

શાસ્ત્રકારો કહે છે ભકિતના માધ્યમથી જ મને તત્ત્વથી જોઈ શકે છે. મને જાણી શકે છે અને મારામાં પ્રવેશી શકે છે.

સુંદર માનવ જન્મ મળ્યો છે તો સંસારમાં આવવાનું દુઃખનું કારણ જાણી આત્મજ્ઞાન તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય તો પરમ શાંતીના ભાગીદાર થઈ શકીએ છીએ. અહંતા-મમતાથી રહિત બને તો શાંતીના ભાગીદાર થવાય છે.

## સુવિચાર

**(૧) જીવનમાં કલેશ-કંકાસ ઓછા કરવા હોય તો ''ચાલશે, ફાવશે, ગમશે'' ની મનોવૃત્તિ અપનાવો પરિસ્થિતિઓની પ્રતિકુળતાને સ્વીકારતા શીખો બધું જ સંપુર્ણ જોઈએ એવો આગ્રહ છોડો.**

**(૨) કોઈની ભુલ તરત ન કાઢો. પહેલા ભુલનું મુળ શોધો અને ધૈર્ય અને સંતુલનથી સુધારવાની ભાવનાથી ભુલ કાઢો.**

**(૩) ઘરના મોભીએ સૌને માર્ગદર્શન સલાહ આપવા જોઈએ નાની વાતમાં ઠપકો આપવાથી સામેની વ્યક્તિનો ઉત્સાહ તુટી જાય છે. તેનામાં પ્રતિક્રિયા અને પ્રતિશોધની ભાવના જાગે છે. પરિણામે હિનભાવનાની ગ્રંથિ બંધાઈ જાય છે. અથવા તો આવેશમાં આવી તે ખોટો નિર્ણય કરી બેસે છે. માટે હંમેશા પ્રેમ પુર્વક સલાહ આપો આદેશની ભાષા કયારેય ન ઉચ્ચારો.**

રજુ. શર્મિષ્ટા ડી. કોશિયા
ભાંભણ (અમદાવાદ)


ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

- મનુષ્યનું જીવન અતિ વિલાસી થયું તેથી જ્ઞાન માર્ગથી જીવ ઈશ્વર પાસે જઈ શકે તે સંભવિત નથી.
- મંદિરમાં પરમાત્માનાં દર્શન કરી બહાર આવ્યા પછી દરેકમાં પરમાત્માનાં દર્શન કરો.
- મનુષ્યમાં જ્ઞાન આવે છે. પરંતુ તે જ્ઞાન ટકતું નથી.
- જે કામસુખ ભોગવે છે તે યોગાભ્યાસ કરી શકવાનો નથી. ભોગી યોગી થતા જશે તો તે રોગી થશે.
- ઘરમાં રહેવું તે પાપ નથી. પણ ઘરને મનમાં રાખવું તે પાપ છે.
- ભક્તિનો કાળ અને ભોગનો કાળ એવો ભેદભાવ રાખે તે ભક્તિ કરી શકતો નથી.
- ઈશ્વરનું સ્મરણ છોડશો નહી, સલાહ એક ઈશ્વરની લેવી.
- દુઃખમાં સાથ આપે તે ઈશ્વર, સુખમાં સાથ આપે તે જીવ.
- ઘર બહાર નીકળો ત્યારે સ્વામીજીને વંદન કરીને નીકળજો.
- વંદન એકલા શરીરથી નહિ પણ મનથી પણ કરો વંદન પ્રભુને બંધનમાં રાખે છે.
- પ્રત્યેક કાર્યના આરંભમાં પ્રભુને વંદન કરો.
- વાંચે અને વિચારે એના કરતાં જીવનમાં ઉતારે તે શ્રેષ્ઠ છે.
- એકવાર તો અવશ્ય તે કાળ કરડવાનો જ. આ સાતમાંથી કોઈ એક વાર આપણા માટે નક્કી જ છે ને ! તો પરીક્ષિતની જેમ કાળને ભૂલશો નહી.
- મરણની ભીતિથી પ્રભુમાં પ્રીતિ થાય છે.
- મનુષ્ય કાયમ કાળની બીક રાખે તો તેનાથી પાપ થશે નહિં.
- કામને મારે તે કાળનો માર ખાતો નથી.
- ઈશ્વર સાથે પ્રેમ કર્યા વગર વિકારો, કામ, ક્રોધ જતા નથી.
- ધીરે ધીરે મરણની તૈયારી કરજો.
- આંખનો, મનનો, ધનનો, વાણીનો સદુપયોગ કરો તો મરણ સુધરશે.
- એક ક્ષણ પણ ઈશ્વર ચિંતન વગર બેસશો નહીં.
- વાસના જ પુનર્જન્મનું કારણ બને છે.
- જે ખૂબ ગમતું હોય, તે પ્રભુને આપીએ, તો આપણે પ્રભુને ગમીએ.
- વાસના વધી, ભોગો વધ્યા તેથી સંસાર ખારો ઝેર બન્યો છે.
- જીવનમાં સંયમ, સદાચાર જયાં સુધી ન આવે, ત્યાં સુધી પુસ્તકમાનું જ્ઞાન કાંઈ કામ લાગશે નહિં.
- તમે મીતભાષી થશો તો સત્યભાષી થશો.
- મનને ખૂબ પવિત્ર રાખો, કારણ કે મન તો મર્યા પછી પણ સાથે આવવાનું છે.
- આંખ અને કાન એ ભગવાનને હૃદયમાં દાખલ કરવાના દેહના બે દરવાજા છે.
- ઈશ્વર જે સ્થિતિમાં રાખે, તેમાં સંતોષ માની ઈશ્વર સ્મરણ કરવું જોઈએ.
- શરીર પરમાત્માને અર્પણ કરજો, તો તમારું કલ્યાણ થશે.
- મનમાં અનેક જન્મોના મેલ ભળ્યા છે.
- મનુષ્ય ઈન્દ્રિયને આધીન થાય તો તેનું જીવન બગડે છે.
- પાપી જ પ્રેત બને છે.
- પરમાત્માની સેવા કરવા એકબીજાનો સાથ મળ્યો છે. તેમ માની પતિ પત્ની વર્તે તો સુખી થાય.
- વાસનાનો નાશ કરો, આસક્તિનો ત્યાગ કરો.
- શાસ્ત્રમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને અવિદ્યાને સાત ગાંઠ બતાવી છે. આ સાત ગાંઠોમાં જીવ બંધાયેલો છે, તેમાંથી તેને છોડાવવાનો છે.
- ધીરે ધીરે સ્વભાવને સુધારજો, સ્વભાવ સુધરે ત્યારે ભક્તિ સિદ્ધ થાય છે.
- કથા સાંભળી મનન કરી જીવનમાં ઉતારો.
- સત્કાર્યને તુરત કરવું અને કદાપિ મુલતવી રાખવું નહીં.
- જગતને કામદ્રષ્ટિથી, ભોગ દ્રષ્ટિથી ન જુઓ. દોષ દ્રષ્ટિ હોય, ત્યાં સુધી દેવદ્રષ્ટિ થતી નથી.

- કથામાં બેસો ત્યારે સંસારથી અલગ થઈ જાઓ.
- ક્રોધ કરવાથી પુણ્યનો ક્ષય થાય છે. વક્તા-શ્રોતા ક્રોધ ન કરે.
- કેવળ જાણેલું કામ આવશે નહીં, પણ જીવનમાં ઉતારેલું કામ આવશે.
- પૂર્વ જન્મના વિચારો ન કરો. આ જન્મ જ સુધારવા પ્રયત્ન કરો.
- ઈશ્વર ચિંતન, ધ્યાન, મનુષ્ય કરે તો ઈશ્વરની શક્તિ મનુષ્યમાં આવે છે.
- વારંવાર એક જ સ્વરૂપનું ચિંતન કરો.
- વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે.
- મંદિરના ઓટલા ઉપર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં, પણ ધ્યાન કરવા માટે છે.
- ભગવાન મારું કામ કરે તેવી અપેક્ષા ન રાખો.
- ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે.
- બીજાને સુખે સુખી થવું એ પ્રેમનું લક્ષણ છે.
- ભગવાનનો આશ્રય લે તે નિષ્કામ બને છે.
- ભક્તિ વિના વૈરાગ્ય અને જ્ઞાન ન મળે.
- કથા સાંભળો અને કથાનાં સિદ્ધાંતો જીવનમાં પણ ઉતારો.
- ઘરનાં કાર્યો કર્યા પછી માળા જપ કરીશ એમ નહીં, પરંતુ પ્રભુના નામનો જપ કર્યા પછી બધા કાર્યો કરો.
- પરમાત્માના દર્શનની આતુરતા વિના સંત મળતા નથી.
- પરમાત્માની કથા વારંવાર સાંભળશો ત્યારે પ્રભુ પ્રત્યે પ્રેમભાવ જાગશે.
- તપશ્ચર્યામાં સ્ત્રીનો, દ્રવ્યનો, બાળકનો સંગ બાધક છે.
- મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ.
- જેનું જીવન શુદ્ધ છે. તેનો હિસાબ ચોખ્ખો છે.
- અંતકાળે બીક લાગે છે, કરેલાં પાપોની યાદી થાય છે.
- મન સંસારના વિષયોમાં અને શરીર ઠાકોરજીની સેવામાં હોય, તો સેવામાં આનંદ આવશે નહીં.
- સંસારને છોડવાની જરૂર નથી, વિષયોનો મોહ છોડવાની જરૂર છે.
- વૈરાગ્ય વગરની ભક્તિ રડે છે, ભોગ ભક્તિમાં બાધક છે.
- સંતને જોનારો પણ નિવિકાર બને છે.
- નિંદ્રા અને નિંદા ઉપર જે વિજય મેળવે છે તે ભક્તિ કરી શકે છે.
- તમારા દુઃખનું કારણ અંદર છે અજ્ઞાન અને અભિમાન એ દુઃખનું કારણ છે.
- મનુષ્યને પોતાની ભૂલ જલદી દેખાતી નથી. જગતનાં કોઈપણ જીવના દોષ જોશો નહિ. પોતાના મનને સુધારો. તમારી ભૂલ બતાવે એનો ઉપકાર ભૂલશો નહીં.
- મનુષ્યનો મોટામાં મોટો દોષ, એ પોતાને નિર્દોષ સમજે છે એ છે.
- સત્સંગમાં મનુષ્યને પોતાની ભૂલનું જ્ઞાન થાય છે.
- કથા શ્રવણથી, સંતોની સેવા કરવાથી જીવન સુધરે છે.
- કોઈ મહાપુરુષની પ્રત્યક્ષ સેવા ન કરો ત્યાં સુધી મનમાંથી વાસના જતી નથી.
- વાણીથી શક્તિનો વ્યય કરશો નહી, તેથી બહુ ઓછું બોલો.
- મનુષ્ય સંસાર પાછળ પાગળ બન્યો છે. તેમાંથી મુક્ત થઈ ભગવાન પાછળ પાગલ બને, તો જીવ શિવ એક થાય.
- સંત ત્રણ પ્રકારે કૃપા કરે છે. સંત જેની તરફ વારંવાર નિહાળશે તેનું જીવન સુધરશે. માળા કરતાં જેને સંભારશે તેનું જીવન સુધરશે. સંત જેને પ્રેમથી નજર આપે છે, તેનું કલ્યાણ થાય છે.
- બત્રીસ લાખ જપ થશે તો વિધાતાના લેખ પણ ભૂંસાશે પાપનો વિનાશ થશે.
- રોજ એવી ભાવના રાખવી કે અખંડાનંદ સ્વામીજી અમારી સાથે જ છે.
- જેનું જીવન કેવળ ઈશ્વર માટે છે, તે કદાપિ સંગ્રહ ન કરે.
- ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે, અને તે મરણ બગાડે છે.
- સંયમ અને સદાચાર ધીરે ધીરે વધારતા જજો.
- દ્રષ્ટિને એવી ગુણમય બનાવજો કે કોઈના દોષ દેખાય નહિ.
- માનવજીવનનું લક્ષ છે. પરમાત્મમીલન જે પ્રતિ ક્ષણે સાવધાન છે તે સંત છે.

## કેમ્પનો અહેવાલ

રજુ. પોપટભાઈ એસ. કુકડીયા
ચમારડી

શ્રી માધવાનંદ આશ્રમ ચાણોદ મુકામે સ્વામીશ્રી અખંડાનંદ સાગર ઔષધાલય દ્વારા પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના સાનિધ્યમાં તા ૮/૧/૨૦૧૭ ને રવિવારના રોજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ લોકો માટે આશ્રમ ખાતે આંખ અને દાંતના રોગોની મફત તપાસ અને સારવાર તેમજ મફત ચશ્માં વિતરણનો કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમા દાંતના કેસ-૪૪, નેત્રનિદાન-૨૮૫, અને મોતિયાના ઓપરેશન-૩૮ કરાયા હતા. જરૂરિયાત મંદોની નેત્ર ચિકીત્સા આધુનિક કોમ્પ્યુટર દ્વારા કરાઈ હતી. આ કેમ્પમાં દાંતના ડૉ. સમર્થ પટેલ વડોદરા, ડૉ. શિવમ્ બેલડીયા સુરત, ડૉ. ભાવિક પટેલ સુરત, ડૉ. મધુસુદન ઉપાધ્યાય નડીયાદ અને આંખના ડૉ. રજનીભાઈ ત્થા ડૉ. અનીશભાઈએ શંકરા આઈ હોસ્પીટલ, મોગર-આણંદ તરફથી સેવા આપી હતી આ કેમ્પમાં જરૂરિયાતમંદ ૧૫૦ થી વધુ દર્દીઓને મફત ચશ્માનું વિતરણ કરાયું હતું.

કેમ્પ માટેના આર્થિક સહયોગ સ્વ. જયંતિભાઈ પટેલ (ઓઝરાળા) હસ્તક નિર્વાંગભાઈ જયંતિભાઈ પટેલ મુ. વડોદરા તરફથી પ્રાપ્ત થયો હતો.

આ શિબીરમાં આવનાર તમામ માટે ભોજનની વ્યવસ્થા આશ્રમના સંચાલકો દ્વારા કરાઈ હતી. આ આખા શિબીર ની સંચાલન વ્યવસ્થા શ્રી પોપટભાઈ કુકડીયા અને અન્ય સેવેકોએ પાર પાડી હતી.

## બાળ કેળવણી

રજુ. લવજીભાઈ કે. સવાણી
નવા નાવડા

**✻ અધિકાર અને ફરજનું શિક્ષણ :**

બાળકને સમાજના નિયમો અને એની વ્યવસ્થાઓનું જ્ઞાન આપવું ઘણું જરૂરી છે, પણ એથી વધુ વધુ જરૂરી છે, માણસના અધિકારો અને ફરજોની કેળવણી આપવાનું, બાળક નાદાન હોય છે, કઈ વસ્તુનો અધિકાર કોનો છે અને કઈ સ્થિતિમાં આપણી ફરજ શું હોય છે, તેનું શિક્ષણ આપવું જરૂરી છે, એટલું જ નહીં, પણ માનવતાના ધોરણે અધિકારો અને ફરજોની સમજણ પણ આપવી જરૂરી છે. આ માટે ખાસ તાલીમવર્ગો નથી હોતા, પણ મા-બાપે પ્રસંગોપાત આ બાબતોની સમજણ આપવાની હોય છે. હાલતાં ચાલતાં બનતા પ્રસંગોને આધારે જ આવી કેળવણી આપી શકાય.

એક જહાજ ઊપડી રહ્યું હતું. એવામાં એક યુવાન સૈનિક હાંફતો હાંફતો આવ્યો અને કહેવા લાગ્યો કે મારી મા બીમાર છે, મારે આ જહાજમાં જવું ઘણું જરૂરી છે. આ વિનંતી સ્વીકારવામાં ના આવી, કારણ કે જહાજમાં જગ્યા ન હતી. એટલામાં એક સજ્જન ઊભા થયા અને પોતાની બેઠક આપતાં કહ્યું, આવો તમે મારી જગ્યાએ બેસો. તમારો અધિકાર પહેલા છે, કારણ કે હું તો ફક્ત બ્રિગેડીયર જનરલ છું, પણ આ યુવાન તો એક માનો પુત્ર છે. આ સજ્જન એટલે રુઝવેલ્ટ. જે આગળ જઈને અમેરિકાના રાષ્ટ્રપતિ થયા.

✻ બે શિક્ષક વાત કરી રહ્યા હતા કે બાળકને કેવી રીતે કેળવવું જોઈએ. ચર્ચાનો દોર સરસ રીતે ચાલી રહ્યો હતો. એક શિક્ષકે કહ્યું કે, બાળક માટી છે, એને કોઈ કુંભાર ઘડો બનાવે એ રીતે એની કેળવણી કરવી જોઈએ. કુંભાર ચાકડા પર માટી મૂકે પછી આકાર આપી એને ઘડો બનાવે, પણ આ પ્રક્રિયા દરમિયાન કુંભાર ઘડાને ઘડવા ટપલા મારે ત્યારે બીજા હાથથી ઘડાની અંદર આધાર આપતો હોય, સ્નેહ એ આધાર છે. બીજો શિક્ષક કહે, બાળ કેળવણી એ મૂર્તિ ઘડવાની પ્રક્રિયા છે. પથ્થરમાં મૂર્તિ છુપાયેલી હોય છે. પથ્થરમાંથી નકામો પથ્થર દૂર કરવાનું છે, ઈજા કર્યા વગર આ કાર્ય કરવાનું છે. આ વાતો ત્રીજા એક સજ્જન સાંભળી રહ્યા હતા. તેમણે કહ્યું, તમારા બન્નેની વાત સાચી છે, પણ મારે જુદું કહેવું છે. બાળકોને તમારો પ્રેમ આપો, તમારા વિચારો નહિ. બાળક એ કોઈ વાસણ નથી કે જેમાં જે તે વસ્તુ ભરી શકાય. એ તો જ્યોતિ છે, જેને પ્રગટાવવાની હોય છે.

**(ક્રમશઃ)**

## ગોત ગુરૂ મુખે કરીએ, અજ્ઞાનને અળગુ કરી નિજ રૂપમાં ભળીએ

રજુ. વસંતબેન બાબુભાઈ (અમદાવાદ)

**(૧) બંદઉ ગુરૂ પદ પદુમ પરાગા ।**
**સુરુચિ સુબાસ સરસ અનુરાગા ।।**
**અમિઅ મૂરિમય ચૂરન ચારૂ ।**
**સમલ સકલ ભવ રુજ પરિવારૂ ।।**

ગોસ્વામી તુલસીદાસએ રામાયણની શરૂઆતમાં જ ગુરૂવંદના કરતા કહ્યું છે કે હું ગુરૂના ચરણ કમળને વંદન કરૂં છું ગુરૂના ચરણને કમળની ઉપમાં આપી છે. કમળમાં જે સુગંધ હોય છે તે પરાગની હોય છે અને તેની સુગંધ દૂર સુધી ફેલાતી હોય છે. છતાં તેની નજીકમાં એટલે કે તેના મૂળમાં રહેલાને તેનો લાભ મળતો નથી. અને ભમરાંઓ દૂરથી આવીને તેનો લાભ મેળવી જતા હોય છે.

**(૨) કમળવસે જળ ભીંતરે, વાસ ભમરાં રે જાણે ।**
**દાદૂરને દરશે નહી, મોજ માટીમાં માણે ।**

પરંતુ ગુરૂકૃપાથી આપણે સૌ ભમરાં જેવા થઈએ ભમરો જેવી રીતે સુગંધની સાથે તેમાંથી ગળપણ એટલે કે (મધ) પણ મેળવી જાય છે. તેવી રીતે સાચા સાધકો ગુરૂભક્તિ કરી પરમાર્થના માર્ગમાં આગળ નીકળી જાય છે. અને પોતે આ સંસારને સ્વપ્નવત્ અનુભવ કરે છે. જેમકે,

**જુઠેવ સત્ય જાહિ બિનુ જાને ।**
**જિમિ ભૂંજંગબિનું રજુ પહિચાને ।।**
**જે હિ જાને જગ જાયે હેરાઈ ।**
**જાગે જયા સપન ભ્રમ જાઈ ।।**

એવી જ રીતે એક દંપતિને બહારગામ જવાનું હતું. થોડો સમય હતો એટલે પતિ સુઈ ગયો. અને પત્ની સામાન પેક કરતી હતી એવામાં પતિને સ્વપ્નું આવ્યું સ્વપ્નામાં તેણે કંઈ ક ગુનો કર્યો અને દસ વરસની જેલ થઈ ત્રણ વરસ ભોગવી નાખ્યા. આ બધું સ્વપ્નામાં હતું અને વળી જેલમાં કાંઈક ગુનો કર્યો એટલે પાછી તેને સો ફટકા મારવાની સજા થઈ અને જયારે તેને ફટકા પડવા માંડયા ત્યારે તે બચાવો, બચાવો, તેમ બુમો પાડવા લાગ્યો અને નિંદ્રા ઉડી ગઈ ત્યારે પત્ની દોડતી આવી ત્યારે તેણે પત્નીને કીધું કે મને આવો સ્વપ્નાનો અનુભવ થયો ત્યારે પત્નીએ કીધું કે સ્વપ્નું તો એવું જ હોય ત્યારે પતિદેવે વળી પાછું કીધું કે દસ (૧૦) વર્ષમાંથી મે ત્રણ વર્ષ ભોગવ્યા અને સાત વર્ષની સજા બાકી રહી એનું શું ? ત્યારે પત્ની સહજ બોલી પણ વેદાંત બોલી. જો તમે સુંતા રહયા હોત તો બધું પુરું કરવું પડત પણ હવે જાગ્યા એટલે ઉપરની સજા ગઈ. શ્રી ગીતામાં ભગવાન અર્જુનને કહે છે કે

**જ્ઞાનયગ્નિ સર્વકર્માણી ભસ્મસાત કુરુતે તથા ।।૪।।**

એટલે કે જ્ઞાનરૂપી અગ્નિમાં બધા કર્મો બળીને ભસ્મ થઈ જાય છે.

"અમરીશભાઈના સતસંગમાંથી"

## માયા કોણ તારી શકે

રજુ. જોસના એસ. પરમાર જોરાવરનગર

કોણ તરી શકે છે માયાને કોણ તરી શકે જે સર્વ સંગોનો ત્યાગ કરે છે, જે મહાપુરૂષોની સેવા કરે છે અને જે મમતા રહિત છે.

આ સંસારરૂપી ભયંકર સમુદ્રમાં ડૂબેલા માનવીઓ માટે સંતો એક ઉત્તમ આશ્રયસ્થાન છે. સંતોની સેવાથી દુન્યવી આસક્તિઓ અને પાપોનું નિવારણ થાય છે. જેવી રીતે અગ્નિ અંધારાનો અને ઠંડીનો નાશ કરે છે. તેવી રીતે સંતોની અજ્ઞાનરૂપી અંધારાનો અને પુનર્જન્મરૂપી ઠંડીનો નાશ કરે છે. સંતોની સેવા ભક્તિને વેગ આપે છ.

માયા એટલે ભગવાનથી ભ્રમિત કરનારી શક્તિ. તે સાધકને સત્યથી વેગળો લઈ જાય છે. અને વિષયભોગોમાં ધકેલી દે છે. માટે સાધકે ખુબ સાવચેત રહેવું જોઈએ.

સંગ એટલે બાહ્ય વસ્તુઓ પ્રત્યે આસક્તિ સૌથી મોટી અને ખરી આસક્તિ તો અહંકાર છે. તેનો જડમુળથી નાશ કરવો જોઈએ.

સત્સંગથી અનાસક્તિ ઊપજે છે અને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે. હવે તેને સંસારી મનુષ્યોનો સંગ ગમતો નથી. આથી તેનો મોહ નાશ પામે છે. એનું મન સ્થિર અને એકાગ્ર બને છે અને પોતાના મૂળ સ્વરૂપમાં નિવાસ કરે છે. આથી તે જીવન મુક્ત બને છે.

મહાત્મા જડભરત રાજા રાહુગણને કહે છે

" આ ભગવત તત્ત્વનું જ્ઞાન યજ્ઞ, દાન, પરોપકાર, વેદાધ્યયન અથવા તો જળ, અગ્નિ અને સુર્યની ઉપાસનાથી મળતું નથી. એ તો મહાપુરૂષની ચરણરજમાં સ્નાન કરવાથી પ્રાપ્ત થાય છે.

# તમે શા માટે ચિંતા કરો છો ?

લેખક : શિવ

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

તમારે ચિંતા કરવાની શી જરૂર ? માતાના ગર્ભમાં જેણે રક્ષા કરી હતી ને જન્મ પહેલાં તમારે માટે જેણે માતાનાં સ્તનમાં દુધ તૈયાર કરી રાખ્યું હતું, તે ભગવાન ચિંતા કરનાર બેઠો છે. ચિત્તથી તેનુ ચિંતન કર્યા કરો ! ઈન્દ્રીયોથી તેની સેવા કરો ! જીવનનુ પ્રત્યેક કાર્ય પ્રભુને માટે જ કરો ! પરંતુ હા, તેની સેવા માટે જે કાર્ય થાય છે તે સત્કાર્ય જ હોય છે. ખરાબ કાર્યોથી તેની સેવા થઈ શકતી નથી.

ભગવાનની સેવાને અર્થે થનારાં શુભ કર્મોનુ જ બીજુ નામ 'સદાચાર' છે.

આ સદાચાર એ જ માણસનુ સાચું જીવન છે. સદાચાર વિનાનો માણસ જીવતા મડદા જેવો છે. ઉપરનો ભપકો ગમે તેટલો હોય છતાં, જો સદાચાર ન હોય તો, તેની કોઈ કિંમત નથી. ઊલટું, સદાચારરહિત શરીરની કિંમત તો ઝેરથી ભરેલા સોનાના ઘડા જેટલી જ છે-એથી વધારે જરાય નહી.

જીવનમાં સદ્‌ગુણોની મુડી ભેગી કરવાનો હંમેશાં પ્રયત્ન કરો. આ સદ્‌ગુણો પણ પુજાને માટે જ હોવો જોઈએ. તેને બદલે મળનાર લૌકિક માન-મોટાઈને જો તેનું ફળ માની બેસશો તો, યાદ રાખજો કે, તમારું અધઃપતન થતાં બહુ વાર નહિ લાગે.

દૈવી ગુણો ભગવાનના આશ્રયથી જ ટકે છે.

જેના જીવનનું લક્ષ્ય ભગવાન છે અને જે એ લક્ષ્યને નિશ્ચયપુર્વક વળગી રહે છે તેને જગતની મુશ્કેલીઓ અટકાવી શકતી નથી. પ્રભુકૃપાના પ્રભાવથી તેનો માર્ગ નિષ્કંટક બની જશે. કદાચ કાંટા રહેશે તો તે પણ, તેનો પગ ઉપર પડતાંની સાથે જ, મખમલના તારની જેમ સુંવાળા બની જશે. દુશ્મનો પણ દોસ્તો બનશે અને અગવડો પણ સગવડો બનશે.

જીવનનુ લક્ષ્ય નક્કી કરતાં પહેલા ભગવત્પ્રાપ્ત મહાપુરૂષો અને ભકતોનાં જીવનચરિત્રો ફરીફરીને વાંચો. તેનાથી તમારા અંતરમાં અંજવાળાં પથરાશે અને જીવન-વન વટાવવામાં જરૂરી ભાતુ મળી રહશે.

કેવળ વાતો કર્યા કરવાથી રસ્તો કપાતો નથી. મોટી મોટી વાતો તો નાટકનાં પાત્રો પણ કયાં નથી કરતાં ! પરંતુ તેનાથી કંઈ દહાડો નહી વળે. જ્યાં સુધી જીવન પવિત્ર નથી બનતું અને વિચારો પ્રમાણે આચરણ થતું નથી, ત્યાં સુધી તે બધું નાટક કરતાં જરાય વધારે મહત્ત્વનું નથી. આ નાટકથી કદાચ મોટાઈ મળી જાય તોપણ પોતાની અસલ સ્થિતિને ન ભુલશો. પ્રેક્ષકવર્ગ તમારી વાતો સાંભળીને કદાચ ભુલાવામાં પડી જશે, પરંતુ ભીતરમાં બેઠેલા ભગવાનને તમે નહી છેતરી શકો.

જીવનમાં થોડીક પવિત્રતા દેખાય પરંતુ જ્યાં સુધી અપવિત્રતાનો સહેજ પણ અંશ હૈયાના ખુણામાં બાકી રહી ગયો હોય ત્યાં સુધી જંપીને ન બેસો. જ્યાં સુધી અપવિત્રતાનું અસ્તિત્વ હોય ત્યાં સુધી તમારી જાતને મહાત્મા, ધર્માત્મા યા ભકત માનવાની ભુલ ના કરશો. બીજાઓ કદાચ ભોળપણને લીધે તમને એવા માની બેસે તો તમે જાતે તેમને સાચી વસ્તુ સમજાવવાનો સહૃદય પ્રયાસ કરો. અને કદાચ ભકિતભાવને લીધે તેઓ ન સમજે તો , તેમની વાતને તમે દિલથી વજુદ ન આપો.

દરરોજ આગેકૂચ કરો, થોભવાની વાત ન વિચારો; છતાં તમારી ઉન્નતિનું અભિમાન ન રાખશો. જ્યાં સુધી અભિમાન, મમતા અને આસકિતનું સહેજ પણ બીજ દેખાય ત્યાં સુધી આરામનો વિચાર મુલતવી રાખજો.પારકાની નિંદા કયારેય ન કરો. બીજાઓને ખરાબ ન માનો.તમને તો તમારી જાતને સુધારવાના વિચારોમાંથી જ ફુરસદ ન મળવી જોઈએ. બીજાઓની તરફ જોયા વિના જ તમારી જાતને સતત સુધાર્યા જ કરો.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ નવા નાવડા,**
**સ્વ. ત્રિકમભાઈ માધાભાઈ ડુંગરાણી (ઉંમર વર્ષ ૭૦) સંવત ૨૦૭૩ પોષ વદ ૩ તા. ૧૫/૦૧/૨૦૧૭ ને રવિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# કામ, ક્રોધ, લોભ, મોહને જીતો

રજુ. હેતલ જે. મોણપરા
સેંદરડા (હાલ. વડોદરા)

પરમ આદરણીય પરમ કૃપાળુ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂ ભગવાનના ચરણોમાં મારા કોટિ કોટિ વંદન...

જીવનની અંદર આપણે કામ, ક્રોધ, લોભ, મોહને જીતવાનો પ્રયત્ન કરીએ. "કામ" એને કહેવાય કે સંસારના પદાર્થો હોવા છતા હજી મને વધારે મળી જાય. તો આ સંસારમાં હું સારો કહેવાય. "ક્રોધ" જયારે ક્રોધમાં આવી કોઈનુ અનિતિથી પડાવી લેવું મારામારી કરવી અને સંસારમાં સારા દેખાવનો ઢોંગ કરવો. લોભ, મને આ સંસારના તમામ વૈભવ મળી જાય. "મોહ" આ સંસારના દરેક પદાર્થ ભગવાનના હોવા છતા મારા મરી જાય છે. મારુ બગડી જાય છે. જે પોતાની અંદર હું પણુ રાખે છે. એનું જ નામ મોહ.

**કામ, ક્રોધ મદ લોભને જીતી, વ્યવહાર કરજે રુડી રીતે**
**પ્રેમતણો પરાગ ભરીને, જીવન પુષ્પ ખીલવતો જા.**
**આવ્યો છે તુ આ સંસારે જન્મ સફળ તુ કરતો જા''**

પાણીના કિનારે હોય અને ના ડુબે પણ પાણીની અંદર હોય અને ના ડુબે એને તરતા શીખ્યો કહેવાય. એમ સંસારના પદાર્થો ના હોય તો એની મેળે જ કામ, ક્રોધ, છુટી જાય છે. પણ જેની પાસે વસ્તુ હોવા છતાં મેળે જ કામ, ક્રોધ, છૂટી જાય છે. પણ જેની પાસે તો આનાથી સામાજીક લાભ થાય છે, અને પરમાત્માને પણ લાભ તો થાય ! આ આપણા શત્રુને જીતવાનો પ્રયત્ન કરીએ.

**''કામ, ક્રોધ, લોભ, મોહ દેહે તિષ્ઠન્તી તષ્કરાહ**
**હરન્તી જ્ઞાન રત્નાની તસ્માદ જાગ્રહી જાગ્રહી''**

કામ, ક્રોધ, લોભ, ઈર્ષા અદેખાઈ આ જીવના મોટા શત્રુઓ છે તેથી જાગ્રત બનો અને સંસારના પદાર્થો છોડી ભગવાનમાં પ્રેમ કરો.

**''કરવા છતા એ કર્મો બાધે ના એના ધર્મો**
**એ ધર્મનો મર્મ સમજવા તમે આવો સત્સંગ દ્વારે..''**

કર્મ કરવા છતા એમા ફળની આશા નો રાખો. જેમ પોપટ ફળની આશામાં પાંજરામાં પુરાય છે, એમ સંસારના ફળની ઈચ્છા કરવાથી જન્મ મરણના ફેરામાં પડવું પડે છે.

**''સંસાર માહી શોક મોહની માયા**
**મરવું ને અવતરવું ફરવુ'' કર્મ સંજોગે કાયા રે,**
**સંસાર માહી શોક મોહની માયા''**

સંસારની અંદર સુખ અને દુઃખ આવ્યા જ કરે છે. જયારે સંસારના પદાર્થો મળે ત્યારે હરખ થાય છે, અને તેને છોડવા પડે ત્યારે દુઃખ થાય છે. તો જે કાળે જે આવે એને આવવા દ્યો, અને જે કાળે જે જાય તેને જાવા દેવું. કર્મ અનુસાર તમને ફળ મળવાનું જ છે. તેમાં હરખ શોક ન કરવો.

**''યદચ્છા લાભ સંતુષ્ટો દ્વન્દ્વાતીતો વિમત્સરઃ ।**
**સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાપિ ન નિબધ્યતે ॥**

ભગવદ્‌ગીતાના ચોથા અધ્યાયના બાવીસમાં શ્લોકમાં ભગવાન કહે છે. કોઈપણ ઈચ્છા વગર સંસારના પદાર્થો જે મળેલા હોય તેમાં સંતોષ રાખો. અને બધાની અંદર સમભાવ દ્રષ્ટી રાખી સુખ આવે કે દુઃખ આવે બન્નેમાં સમદ્રષ્ટિ રાખી કયારેય ફુલાતો નથી એવા કર્મયોગી કર્મ કરવા છતા તેમાં બંધાતા નથી.

**''પ્રભુ કરે તે ઠીક કરે છે, શોક ધરે શીદને પ્રાણી''**

ભગવાન જે કરશે તે આપણા સારાં માટે કરશે એવા દ્રઢ વિશ્વાસ રાખી બધા કાર્ય ભગવાનના ચરણોમાં સમર્પિત કરવા ભગવાનને એજ પ્રાર્થના કરીએ કે ભગવાન આપણને આત્મજ્ઞાનના ભાગીદાર બનાવે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ નવા નાવડા, હાલ. વડોદરા
સ્વ. ગણેશભાઈ ભીખાભાઈ સવાણી
(ઉંમર વર્ષ ૫૫) સંવત ૨૦૭૩ માગશર વદ ૧૧ તા. ૨૪/૧૨/૨૦૧૬ ને શનિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.
શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ ચમારડી, હાલ. સુરત.
સ્વ. રામજીભાઈ દામજીભાઈ પવાસીયા
(ઉંમર વર્ષ ૮૫) સંવત ૨૦૭૩ પોષ સુદ ૧ તા. ૩૦/૧૨/૨૦૧૬ ને શુક્રવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.
શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

ગામ દડવા (રાંદલના), તા. ઉમરાળા
સ્વ. કરમશીભાઈ માવજીભાઈ માંગુકીયા
(ઉંમર વર્ષ ૯૭) સંવત ૨૦૭૩ પોષ વદ ૧૧ તા. ૨૩/૦૧/૨૦૧૭ ને સોમવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.
શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.

રજુ. દિવ્યેશ વિજયકુમાર દવે
ચિત્તલ (હાલ-વડોદરા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**(૧) અન્યત્ર હિ કૃતં પાપં તીર્થમાસાદ્ય નશ્યતિ ।**
**તીર્થેષુ યત્કૃતં પાપં વજલેપો ભવિષ્યતિ ॥**

(સ્કન્દપુરાણ ૧૭-૧૭)

બીજા કોઈપણ સ્થાનમાં કરવામાં આવેલા પાપોના સમુહનો ક્ષય તીર્થ ક્ષેત્રમાં થાય છે પરંતુ તીર્થક્ષેત્રમાં કરવામાં આવેલું પાપ કદિ પણ નાશ નથી પામતુ માટે મનુષ્યે તીર્થમાં જઈ સાવધાન રહિ સત્કર્મ કરવું જોઈએ.

**વ્રત નિયમ**

**(૨) ક્ષમા સત્યં દયા દાનં શૌચમિન્દ્રિય નિગ્રહઃ ।**
**દેવ પૂજાગ્નિ હરણં સન્તોષોઽસ્તેયમેવ ચ ॥**
**સર્વ વ્રતેષ્વયં ધર્મઃ સામાન્યો દશધા સકૃતઃ ।**

(અગ્નિપુરાણ)

ક્ષમા, સત્ય, દયા, દાન, શુદ્ધિ-અશુદ્ધિ નુ જ્ઞાન ઈન્દ્રિય નિગ્રહ (અંકુશમાં રાખવી), દેવપૂજા, અગ્નિહોત્ર, સંતોષ રાખવો અને ચોરી ન કરવી (જુઠ્ઠુ ન બોલવું), આ દશ નિયમો દ્વારા વ્રતનું પાલન કરવું આવશ્યક છે.

**(૩) નિત્ય વડિલો ગુરૂજનોને વંદન કરવા**
**અભિવાદનશીલસ્ય નિત્યં વૃદ્ધોપસેવિનઃ ।**
**ચત્વારિ તસ્ય વર્ધન્તે આયુર્વિદ્યા યશો બલમ્ ॥**

(મનુસ્મૃતિ)

નિત્ય વડિલો અને ગુરૂજનોની વંદના પ્રણામ પૂજા કરવાથી આયુ, વિદ્યા, યશ અને બળની પ્રાપ્તિ થાય છે માટે દરેક વ્યક્તિએ નિત્ય માતાપિતા વડિલ અને ગુરૂજનોની સેવા-પુજા કરવી જોઈએ.

**(૪) સમયાનુસાર કર્તવ્યાકર્તવ્ય**
**દૈવં પૌર્વાહ્ણિકં કુર્યાદ પરાહણે તુ પૈતૃકમ્ ।**
**મંગલાચાર સમ્પન્નઃ કૃતશૌચઃ પ્રયત્નવાન્ ॥**
**મનુષ્યાણાં તું મધ્યાહને પ્રદધાદુપપતિભિઃ ।**
**કાલહિનં તુ યદ્ દાનં તં ભાગં રક્ષસાં વિદુઃ ॥**

(મહાભારત)

મનુષ્યે નિત્ય સ્નાનાદિકથી નિવૃત્ત શુધ્ધ થઈને પુર્વાહણમાં અર્થાત સૂર્યોદય પહેલા દેવપૂજા દાનાદિ કર્મ કરવું જોઈએ.

મધ્યાહન કાલમાં મનુષ્ય સંબંધી કાર્ય કરવું જોઈએ અને અપરાહન સમયમાં પિતૃ(પિતર) સંબંધિત પૂજા ઈત્યાદિક દાનાદિ કર્મ કરવું જોઈએ.

ઉચિત સમયમાં જો દાનાદિ પૂજા ઈત્યાદિક કર્મ કરવામાં ના આવે તો એ કર્મ નું ફળ રાક્ષસોના ભાગમાં જાય છે એમને જ પ્રાપ્ત થાય છે.

અર્થાત નિત્યપુજા દાનાદિ કર્મ પણ યોગ્ય સમયે કરવાથી જ ઉચિત ફળની પ્રાપ્તિ થાય છે.

બે ઘડી અર્થાત અડતાલીસ (૪૮) મિનિટનું એક મુર્હુત થાય છે. પંદર મુર્હુતનો એક દિવસ અને ૧૫ મુર્હુતની એક રાત્રી થાય છે.

સૂર્યોદયથી ૩ મુર્હુત 'પ્રાતકાલ' ત્યારપછીના ૩ મુર્હુત સંગવકાલ ત્યારપછીના ૩ મુર્હુત મધ્યાહનકાલ અને ત્યાર પછીના ૩ મુર્હુત અપરાહન કાલ અને ત્યાર પછીના ૩ મુર્હુત સાયંકાલ કહેવાય છે.

**શયન માટે શ્રેષ્ઠ દિશા**

**(૫) પ્રાક્શિરઃ શયને વિદ્યા ધનમાયુશ્ચ ચ દક્ષિણે ।**
**પશ્ચિમે પ્રબલા ચિન્તા હાનિમૃત્યુરથોન્તરે ॥**

(ભગવાન ભાસ્કર - આચાર મયુખ)

પુર્વમાં માથુ રાખીને સૂવાથી વિદ્યાથી પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે.

દક્ષિણમાં માથું રાખીને સૂવાથી ધન અને આયુષ્યન વૃદ્ધિ થાય છે.

પશ્ચિમમાં માથું રાખીને સૂવાથી પ્રબળ ચિંતા-શોકની પ્રાપ્તિ થાય છે.

અને ઉત્તરમાં માથું રાખીને સૂવાથી હાની અને આયુષ્ય ક્ષીણ થાય છે.

**લક્ષ્મીજી કોની પાસે સ્થિર નથી થતા**

**(૬) કુચૈલિનં દન્તમલોપ ધારિણં**
**બહવાશિનં નિષ્ઠુર વાકય ભાષિણમ્ ।**
**સૂર્યોદયે ચાસ્તસપયોપિ શાયિનં**
**વિમુંચતિ શ્રીરપિ ચક્રપાણિમ્ ॥**

(ગુરૂડ પુરાણ)

જે વ્યક્તિ મેલા-ગંદા વસ્ત્ર ધારણ કરે છે, જેના દાંત પર મેલ-મલિનતા હોય છે, જે આવશ્યકતાથી વધારે ભોજન કરે છે જે વ્યક્તિ કઠોર વચન બોલે છે તથા સૂર્યોદય અને સુર્યાસ્ત ના સમયે આરામ (સુવે છે) કરે છે તેવા વ્યક્તિ પાસે લક્ષ્મીજી સ્થિર થતા નથી.

કદાચ આવા દુર્ગુણ નારાયણમાં આવે તો વિમુંચતિ શ્રીરપિ ચક્રપાણિમ તો લક્ષ્મીજી નારાયણનો પણ ત્યાગ કરી દે તો આપણે મનુષ્યની શી વાત...

**સ્ત્રી ઋતુકાળના સ્વરૂપ**

**પ્રથમેऽહનિ ચાંડાલી દ્વિતીયે બ્રહ્મ ધાતિની ।**

**તૃતીયે રજકી પ્રોક્તા ચતુર્થેऽહનિ શુધ્ધયતિ ॥**

(પારાશર સ્મૃતિ, અત્રિસ્મૃતિ, આંગિરા સ્મૃતિ)

રજોધર્મમાં યુક્ત સ્ત્રી પ્રથમ દિવસે ચાંડાલીનુ સ્વરૂપ ધારણ કરે છે બીજા દિવસે બ્રહ્મઘાતિની અર્થાત જે સ્ત્રી દ્વારા બ્રહ્મહત્યા કરવામાં આવી છે અથવા તો થઈ છે એનું સ્વરૂપ અને તૃતીયે રજકી અર્થાત ધોબણ નુ સ્વરૂપ ધારણ કરે છે અને ચોથે દિવસે તે શુધ્ધ થઈ ઘરમાં ફરી શકે છે.

## સંસાર એક મહાસાગર

રજુ. લતા અરવિંદભાઈ માંગુકિયા
દડવા (રાંદલના)

સદ્‌ગુરૂ ભગવાનના ચરણોમાં કોટિ કોટિ વંદન

ભગવાન આદ્યજગતગુરૂ શ્રી શંકરાચાર્ય એ આ સંસારને તો મિથ્યા કહ્યો છે. કેમ કે આ સંસાર સાગરમાં જીવ એટલો બધો ડુબતો જાય છે કે તે તેમાંથી બહાર નીકળવાનો કયારેય વિચાર કરતો નથી આ સંસારરૂપી સાગર ને તરવો કઠીન બતાવ્યો છે. પણ સદ્‌ગુરૂ રૂપી નૌકા મળી જાય તો સહેલાયથી પાર કરી શકાય છે.

જેમ સાગરમાં ઉછળતા મોજા, તરંગો, ભયંકર ચક્કરો, માછલીઓ મગર મચ્છરો વગેરે જેવી ઘણી વસ્તુ છે. તેમ સંસાર સાગરમાં પણ સ્ત્રી, પુત્રધન અને સત્તાના મોહ રૂપી ચક્કરો(ઘૂમરી) મારે છે. ભુખ તરસ હર્ષ શોક સુખ અને દુઃખરૂપી તરંગો (મોજાઓ) આવે છે, અને જાય છે. તેમ કામ, ક્રોધ મોહ અને મદરૂપી મોટા મગર મચ્છો જીવને હેરાન પરેશાન કરે છે. તેમા ત્રણ તાપ (૧) આધિભૌતિક (૨) આધિદૈવિક અને (૩) આધ્યાત્મિક દાવાનલ અગ્નિ સમાન છે. દુષ્ટ વાસનારૂપ જીવને લપસાવનાર શેવાળ છે. એના વિષયોરૂપી અગાધ જળ પણ છે. આવા સંસાર સાગરને તરવા માટે સદ્‌ગુરૂની કૃપારૂપી નૌકા વિના અન્ય કોઈ સાધન નથી. જો આ સંસાર સાગરમાં ડુબતો ફરતો મનુષ્યરૂપી મત્સ્ય(માછલી) આ સંસારપાર કરવા આત્મસાધન નથી કરતો પછી તેને મોહ જંજાળરૂપી જાળમાં નાખીને કાળરૂપી મછીયારો તેને ફસાવીને મારી નાખે છે.

એટલા માટે કામ ક્રોધાદિક દુર્ગણોને આવવાનો કોઈ અવસર આપવો નહિ દૂર્ગુણો કદાચ આવે તો પણ દરેક સમયે વેદાંતના વિચારો કામાદિ દૂર્ગુણોમાં દોષ દર્શન અને સત્સંગ કરતા રહેવું જોઈએ સત્ પુરૂષોનો સંગ સત્સંગ અનેક જન્મના પાપ અને જન્મ મરણાદિક કલેશોને દૂર કરે છે.

અર્થાત ગંગામાં સ્નાન કરવાથી તમામ પાપો નાશ પામે છે. જેમ ચંદ્રમાં પોતાના શીતળ કિરણો દ્વારા બાહ્ય તાપને શાંત કરે છે. અને કલ્પવૃક્ષ ઈચ્છીત ફળ ભોગ આપીને દૈત્ય(દરિદ્રતા) ને દૂર કરે છે. પરંતુ સદ્‌ગુરૂનો ઉપદેશરૂપ સત્સંગ તો પાપ તાપ અને દરિદ્રતા એ તમામ નો નાશ કરે છે આનો અર્થ એમ થયો કે ગંગા ચંદ્ર અને કલ્પવૃક્ષ એ ત્રણેયના કરતા સંત સમાગમ શ્રેષ્ઠ છે માટે આ સંસાર સાગર તરવા માટે મનુષ્યે જીવન પર્યાત સત્સંગી રહેવું જોઈએ.

માનવ જીવન જ માત્ર સંસાર સાગરને તરવા માટેનું નાવ છે આવી મનુષ્યરૂપ નાવ મળ્યા પછી પણ આ સંસાર સાગરને તરવાનો પ્રયત્ન નથી કરતો તેના માટે શ્રીમદ્ ભાગવત કહે છેઃ

**નૃદેહમાદ્યં સુલભં સુદુર્લભં**
**પ્લવં સુકલ્પં ગુરુકર્ણધારમ્ ।**
**મયાऽનકુલેન નભસ્વિતેરિતં**
**પુમાન્ ભવાબ્ધિ ન તરેત્સઆત્મહા ॥**

અર્થાત દૂર્લભ માનવદેહરૂપી નાવ સદ્‌ગુરૂરૂપી નાવિક અને ઈશ્વરકૃપાથી સમય શક્તિ અને ધન સત્તા મળી છે છતા ભવસાગરને પાર થઈને જન્મ મરણાદિથી મુક્ત થતો નથી તે આત્મઘાતી છે તમામ પાપોમાં આત્મઘાત એ મહાન પાપ છે આથી સિધ્ધ થાય છે કે જયાં સુધી દેહ જીવ છે ત્યાં સુધી મનુષ્યે વેદાંત ગુરૂ અને ઈશ્વર એ ત્રણેયનું સેવન કરતા રહેવું જોઈએ અહર્નિશ પ્રયત્નશીલ રહેવું જોઈએ, એનુ સર્વપ્રથમ કર્તવ્ય છે.

અસ્તુ સર્વને જય સચ્ચિદાનંદ

## ચૈતન્ય પરમાત્મા:

રજુ. રણછોડભાઈ સાચપરા
અઘેવાડા

જે ચૈતન્ય છે. તે પરમાત્માનું સ્વરૂપ છે. ચૈતન્યમાં પ્રેમ કરવાથી પ્રભુનો આનંદ મળે છે. ભગવાનનું સ્વરૂપ પ્રેમ છે. પ્રેમ આનંદ સુખ જે આનંદ કહીએ છીએ તે ભગવાનનું સ્વરૂપ છે. જેમાં તમે પ્રેમ કરશો તેમાં ચૈતન્ય સ્વરૂપે હરી વ્યાપક હોય છે. પુરૂષ અને સ્ત્રી એક બીજા પ્રેમ કરતા હોય છે. જે સ્વરૂપમાં મોહ પામેલા હોય છે. જેમાં એકબીજાના શરીરમાંથી ચૈતન્ય જતુ રહે છે ત્યારે એકબીજા ડરે છે. અને રાત હોય તો પણ ઘરમાં રાખતા નથી. ઘઉંના લોટમાં સાકર ભળે એટલે તેમાંથી અલગ અલગ મીઠાઈ બને છે. તેમાં તમને પ્રેમ છે ભાવે છે તે સાકરનો છે. મીઠાશ ગળપણ સાકરનું છે. તે સંસારમાં જે આનંદ આપે છે, તે આનંદ ચૈતન્યનો છે. તો ચૈતન્ય કયાં નથી. આપણા ઘરમાં મા-બાપ ઘરના બાળક સારા પરિવાર તથા પાડોસી સર્વોમાં ચૈતન્ય સ્વરૂપે બીરાજમાન છે. છતાં તેમાં ભગવાન દેખાતા નથી અને ભગવાનને મંદિરમાં ખોળે છે. આશ્રમમાં ખોળે છે. હરિ તેના ઘરમાં જ છે. ઘરમાં જ સ્ત્રીને તેના પતિ સુતા હોય છે. બહેન મંદિર જાગીને જતી રહેશે - ઘરમાં નાના બાળક હોય છે છતાં તેને મંદિરમાં જ ભગવાનનો પ્રેમ મળે છે. ભગવાન પણ તેને સુખ આનંદ આપે છે. જે મંદિરમાં પથ્થરની મુર્તિમાં ભગવાનને જુએ છે તે જીવ કયારે પણ સુખ આનંદ પામતા નથી. દ્રષ્ટાંત એક વાર વશિષ્ઠ મુની સપ્ત મુનીઓ સાથે હિમાલયમાં બેઠા હતા. તેવા સમયમાં ત્યાં કૈલાસપતિ શિવ પધાર્યા. વશિષ્ઠ મુનીએ પ્રણામ કરી આસન આપ્યું ચંદન અને વંદન કરી પૂછયું હે મહાદેવ અમારે કયા દેવને ભજવા ત્યારે શિવજી કહે છે. તમે દેવ કોને કહો છો ત્યારે વશિષ્ઠ મુની બોલ્યા તમે છો, વિષ્ણુ છે, બ્રહ્મા છે, ચંદ્ર છે બધા જ છે. તેમાંથી કયા દેવને ભજવા અને પૂજવા ત્યારે શિવજી કહે છે. કે જેનાથી અમે છીએ તેને ભજો અને પૂજો. વશિષ્ઠ મુની બોલ્યા કે સઘળા સંસારમાં મંદિરમાં મઠમાં મૂર્તિઓનું પૂજન થાય છે. તેમાં બધા જ અલગ અલગ દેવ પૂજાતા હોય છે. તેનું શું ત્યારે શિવજી કહે છે. ખેડૂતના છોકરા ગારાના ઘર બનાવે ગારાના લાડું બનાવે વાડી ખેતર બનાવે છ. જે રમત રમે છે તેવું સમજો અને જેનાથી દેવ તથા અમે છીએ. જે ચૈતન્ય પરમાત્મા ને ભજો જો ચૈતન્ય પરમાત્મા સર્વોમાં વ્યાપક છે. તો ચૈતન્ય પરમાત્મા સર્વોમાં છે તો આપણે ભેદ રાખીએ છીએ અને આજે માણસ ચૈતન્ય પરમાત્માને ભુલી ગયો છે. જેને ભગવાનના દર્શન કરવા હોય તેણે ભીખારીમાં દરીદ્રનારાયણ ના દર્શન કરવા પડે છે. તેને જગત ભગવાનમય લાગશે. સર્વત્ર ભગવાનના દર્શન થવા લાગશે. જો શિવજી ચૈતન્યને ભજવાનું પૂજવાનું કહેતા હોય તો આજે માણસ પથ્થરની મૂર્તિમાં જ ભગવાન જુએ છે. 'જન સેવા એજ પ્રભુ સેવા' જેણે જન સેવા કરી છે. તેને પ્રભુ મળ્યા છે. જલારામબાપા જેણે ઝોળી લઈને ફરી ફરીને ગરીબને રોટી ખવડાવી છે. તો આજે દુનિયામાં તેના મંદિર બંધાયો છે. આજે તેની પાછળ પણ અન્નક્ષેત્ર ચાલે છે. તો જલારામને સદ્‌ગુરૂની નિષ્ઠાનું ફળ મળેલ છે. જયાં છે અન્નનો ટુકડો ત્યાં છે પ્રભુ ઢુંકડો.

## સંબંધોના પ્રકાર

રજુ. રમીલાબેન જી. ગાબાણી
પીપળીયા

સંબંધો બે પ્રકારના હોય છે, પ્રેમનો સંબંધ અથવા વેરનો સંબંધ. યા તો આપણે કોઈની સાથે પ્રેમનો, મૈત્રીનો, સદ્‌ભાવનાનો, આત્મીયતાનો, મધુરતાનો સંબંધ બાંધ્યો છે. અથવા વરનો, ઝેરનો, શત્રુતાનો, દુર્ભાવનો, અણગમાનો સંબંધ બાંધ્યો છે. પ્રેમનો સંબંદ સારૂ ઋણ લઈને ઉદયમાં આવે છે. અને વેરનો સંબંધ ખરાબ ઋણ લઈને ઉદયમાં આવે છે/ સંબંધો ઋણાનુબંધનની ફળ શ્રુતિ છે. જેવો સંબંધો પ્રમાણે ઋણ બાંધ્યું હોય એવાં ફળ ઋણ ચુકવીને ભોગવવા જ પડે છે. આ કર્મની વિચિત્રતાને માને કે ન માનો પણ કર્મના ફળ તો માનનાર હોય કે માનનાર ન હોય બંન્નેને ભોગવવા જ પડે છે. તમે સ્વતંત્ર છો માનવામાં પણ કર્મ તો નિયમ પ્રમાણે ફળ આપશે જ જે કર્મવાદના સિદ્ધાંતને નથી માનતો એણે પણ કર્મના ફળ તો ભોગવવાના જ હોય છે. ઋણ ચુકતો કર્યા વિના ભવ ભ્રમણથી છુટકારો નથી. જરા ઉદાહરણથી સમજીએ.

એક બહેન પોતાના બાળકને લઈને મહાત્મા પાસે


આવ્યાં બાળક ૫-૭ વર્ષનું હતું પણ જન્મથી જ એની કમર તુટેલી હતી એ બાળક ન બેસી શકે કે ન ચાલી શકે. જીવવુ દુઃખભર્યુ લાગે આ બાળકની આવી સ્થિતિ મારાથી જોવાતી નથી આ તો જીવનભરનું ટેન્શન છે. હવે હું શું કરું આમ બોલતા બોલતા એમની આંખમાંથી આંસુની ધાર છુટવા લાગી મહાત્માએ શાંતીથી કહ્યું બહેનજી આમ દુઃખી થવાથી કંઈ વળવાનું નથી તમે કોઈ પાછલા ભવમાં આ બાળક સાથે એવું કર્મ કર્યુ હશે. જે હવે ભોગવ્યા સિવાય છુટકો નથી બહેને પૂછ્યું એવું શું કર્યુ હશે કે બાળક આ રીતે અવતર્યુ. મહાત્મા કહે મને કોઈ કેવળ જ્ઞાન તો નથી પણ શાસ્ત્રના આધારે હું એટલું જરૂર કહી શકું કે પાછલુ ઋણ ફળ આપી રહ્યું છે. તમે કદાચ પાછલા ભવમાં સાસુ રહ્યા હો અને બાળક તમારી વહું બન્યું હોય, અને તમે સાસુ તરીકે વહુની બહુ સેવા લીધી હશે ખૂબ પગ દબાવડાવ્યા હશે અને એ જયારે પગ દબાવતી હશે ત્યારે તમને ઘણી જ ખુશી થતી હશે તમને થતું હશે કે વહુ પગ દબાવ્યા જ કરે સેવાના નામે કદાચ તમે વહુંનુ ઘણું શોષણ કર્યુ હશે એ કર્મનું ઋણ આ જન્મમાં આ રીતે ઉદયમાં આવ્યું હોય બહેન હોંશિયાર હતા ફરી પૂછ્યું ચાલો માન્યું કે મે એની સેવા લીધી હશે પણ આ બાળકે તો વહુ બનીને સેવા કરવા છતાં એ કેમ આ ભવમાં આવી સ્થિતિમાં જન્મ્યો કર્મની ગતિ ન્યારી છે. મે કહ્યું કર્મ મનના પરિણામથી બંધાય છે. કદાચ વહુ પગ દબાવતા-દબાવતા વિચારતી હોય કે આ ડાકણ પિંડ કયારે છુટશે સેવ લીધે જ રાખે છે. આમ ખરાબ ભાવનાથી સેવ કરી પરિણામે સેવાનું ફળ તો મનુષ્ય ભવનું બંધાયુ પણ ખરાબ ભાવનાથી સેવા કરી એટલે ખોટ રહી ગઈ આ વાત કેટલી સમજવા જેવી છે. માણસોના ભાવોને શુદ્ધ રાખતા શીખો સારું કામ જો કરવાનું જ છે. તો મનને શા માટે બગાડવું મોટુ દિલ રાખી કાર્ય કરવું જોઈએ એ ભાવના શુદ્ધ રાખી જીવનની ક્રિયા કરવી જોઈએ નહિ તો પછી સારા કામનું પણ ફળ ખરાબ આવે છે. બહેનને વાત સમજમાં આવી ગઈ તેમને થયું કે વાત જ કંઈક હશે તેમણે પૂછ્યું તો હશે મારે શું કરવું મે કહ્યું બસ આની ખૂબ સેવા કરો. સેવા ભાર નહિ ભક્તિ સમજીને કરજો સમય આવે બધું બરાબર થઈ જશે દવા તો ચાલુ જ હતી આ બાજુ ભાવથી સદ્‌ભાવથી સેવાનો પ્રારંભ થયો તે બહેને તન મન ધન થી બાળકની ખુબ સેવા કરવા લાગ્યા છ સાત મહિના સેવા કરી હશે ધીરે ધીરે બાળકમાં સુધારો ઝાવા લાગ્યો એક વરસમાં બાળકની કમર સ્વસ્થ થવા લાગી બાળકે હવે ચાલવાનું શરૂ કર્યુ ધીરે ધીરે તે કાર્ય પણ કરવા લાગ્યું કોણ શું થયું પણ બાળક જોત જોતામાં ઉભું થઈ ગયું. કર્મનો જે અનુબંધ થયો હતો એ ટુટી ગયો ને બાળક સ્વસ્થ થઈ ગયું. આમ, દરેકે આ ભવમાં ગયા કે કોઈપણ ભવમાં સારાં કે ખરાબ કર્મો બાંધ્યા હોય એને ભોગવવા પડે છે. નિકાચિત કર્મોને તો કોઈપણ સંજોગોમાં ભોગવ્ય સિવાય છુટકો જ નથી બાકીના કર્મો તપશ્ચર્યા, ધ્યાન, સ્વાધ્યાય, સેવા વડે તોડી શકાય છે. એટલું યાદ રાખો કે દરેક વ્યકિત પોતે જ પોતાના કર્મો બાંધે છે. મારા કર્મો બીજી વ્યક્તિ ન બાંધી શકે. દરેક વ્યક્તિએ પોતાના કર્મોને પોતે જ તોડવાના હોય છે. કર્મોમાં ભાગીદારી કે લેણદેણ સંભવતિ નથી.

પૂર્વ જન્મનું પ્રમાણ

પૂર્વ જન્મ કે પૂર્નજન્મનું પ્રમાણ શું આવો પ્રશ્ન થઈ શકે દાખલો લઈએ એક માને ત્યાં બે બાળકો જન્મ્યાં એક બાળક જન્મથી જ સ્વસ્થ પ્રતિભાવન અને બીજું બાળક જન્મથી જ આંધળુ બુદ્ધિહિન. આવું શા માટે એ બાળકોએ જન્મમાં તો કોઈ કર્મ નથી બાધ્યું ને તો આ ફરક શામાટે પેલા અંધ બાળકે પાછલા ભવમાં ચોક્કસ એવા કર્મ કર્યા હશે જેના લીધે આ જન્મમાં એ એનાં ફળ ભોગવે છે. આજે વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ પૂનર્જન્મની કેટલીય ઘટનાઓ અને દાખલાઓ પ્રત્યક્ષ અનુભવમાં આવ્યાં છે. આજના મનોવિજ્ઞાનમાં બાળકોની પૂર્વજન્મની સત્ય હકીકતો પ્રત્યક્ષ જોવામાં આવી છે. એના કેટલાય પ્રયોગો પણ થઈ ચૂકયા છે. આપણા અચેતન મનમાં આગલા જન્મના સંસ્કારો નિમિત્ત કે પ્રયોગો દ્વારા પ્રકટ થઈ શકે છે.

**સુવિચાર**

**સહનશીલતા બંધાય માટે જરૂરી છે. હંમેશા વિચારો કે સહન કરવાથી હું ઘસાઈ નહી જાઉં. સહન કરવું એ મારો ધર્મ છે. – એવા ભાવથી સહન કરવાની ટેવ પાડો.**



### પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ
### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (ભુમાપુરા)

- કથા પ્રારંભ : મહા વદ ૨ ને રવિવાર તા. ૧૨/૨/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : મહા વદ ૫ ને ગુરૂવાર તા. ૧૬/૨/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : મહા વદ ૭ ને શનિવાર તા. ૧૮/૨/૨૦૧૭
- આયોજક : શ્રી જેસંગ(ભગત) મેલાજી ચૌહાણ તથા રાયજીભાઈ બબાજીભાઈ ચૌહાણ, જુવાનસિંહ છત્રાજી ચૌહાણ
  મો. ૯૯૭૯૩ ૩૩૫૯૧, ૯૯૨૪૪ ૧૮૮૭૧
- કથા સ્થળ : મુ. ભુમાપુરા, હનુમાનજીનું મંદિર, તા. મહેમદાવાદ, જી. ખેડા.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (મોટી પાવડ)

- કથા પ્રારંભ : મહા વદ ૯ ને સોમવાર તા. ૨૦/૨/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : મહા વદ ૧૩ ને શુક્રવાર તા. ૨૪/૨/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : મહા વદ અમાસ ને રવિવાર તા. ૨૬/૨/૨૦૧૭
- આયોજક : શ્રી રઘુનાથભાઈ અમરાભાઈ પટેલ, શ્રી રામજીભાઈ રઘુનાથભાઈ પટેલ, તથા ઘનશ્યામભાઈ રામજીભાઈ પટેલ
  મો. ૯૯૨૫૨ ૩૪૧૭૬, ૯૮૨૫૩ ૪૭૮૯૯
- કથા સ્થળ : મુ. મોટી પાવડ, તા. થરાદ, જી. બનાસકાંઠા

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (રાજકોટ)


- કથા પ્રારંભ : ફાગણ સુદ ૩ ને બુધવાર તા. ૧/૩/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : ફાગણ સુદ ૮ ને રવિવાર તા. ૫/૩/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : ફાગણ સુદ ૧૦ ને મંગળવાર તા. ૭/૩/૨૦૧૭
- આયોજક : શ્રી અનિલભાઈ જગજીવનભાઈ ચાવડા, લલિતભાઈ જગજીવનભાઈ ચાવડા, હરેશભાઈ અનિલભાઈ ચાવડા રમેશભાઈ તથા મનુભાઈ
  મો. ૯૦૯૯૪ ૮૪૪૩૯,
- કથા સ્થળ : ગામ. પીપલીયા, નવીન નગર તા. જી. રાજકોટ (સાત હનુમાન થી ૫ કીલોમીટર દૂર)

### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ



- તા. ૧/૨/૨૦૧૭ થી ૨૮/૨/૨૦૧૭ સુધી કેનોપનિષદ્ ઉપર સ્વાધ્યાય.
  સમય - સવારે ૮.૩૦ થી ૯.૩૦ સુધી,
  ભગવદ્ ગીતા અધ્યાય ૧૩ વિષય - "ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ નો પરિચ" ઉપર પ્રવચન આપશે.
  સાંજે ૬.૦૦ થી ૭.૦૦ સુધી
  સ્થળ - ભરૂચ ગીતાભવન
- તા. ૧૨/૨/૨૦૧૭ રવિવારે પુનમ ઉત્સવ બાપુનગર અમદાવાદ સેવક સમુદાય તરફથી પુનમ ઉત્સવ ઉજવવામાં આવશે.
- તા. ૧૨/૨/૨૦૧૭ રવિવારે પુનમ નિમિત્તે સ્વામીજી સુઘડ પધારશે.

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા.૯/૨/૨૦૧૭ વડદલા
- તા.૧૧/૨/૨૦૧૭ ધર્મજ
- તા. ૧૨/૨/૨૦૧૭ સવારે ચાણોદ બપોર પછી ધર્મજ
- તા. ૧૩/૨/૨૦૧૭ નાર
- તા. ૧૫/૨/૨૦૧૭ નાપાડ
- તા. ૧૭/૨/૨૦૧૭ આસોદર
- તા. ૧૯/૨/૨૦૧૭ પરમ પૂજ્ય સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજશ્રી નો ૭૨ મો નિર્વાણ જયંતિ ઉત્સવ.
  સ્થળ -મુ. આસોદર, તા. આંકલાવ, જી. આણંદ. (ગુજરાત)

આયોજક - ઉદેસંગભાઈ પુનમભાઈ સંપર્ક - ૭૮૭૪૬૭૪૪૦૯.

- તા. ૧૯/૨/૨૦૧૭ બપોર પછી ખડોલ
  તા. ૨૧/૨/૨૦૧૭ હળદરી
- તા. ૨૩/૨/૨૦૧૭ આંકલાવ
- તા. ૨૫/૨/૨૦૧૭ બપોર પછી કંથારીયા
- તા. ૨૮/૨/૨૦૧૭ પરમ પૂજ્ય સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો ૪૦ મો નિર્વાણ જયંતિ ઉત્સવ. સ્થળ - મુ. કંથારીયા, તા. આંકલાવ, જી. આણંદ. (ગુજરાત)
  આયોજક - સ્વ. ચતુરભાઈ જેઠાભાઈ પટેલ પરિવાર સંપર્ક - ૯૮૨૫૫૫૪૩૭૭
- ૨૮/૨/૨૦૧૭ બપોર પછી ચાણોદ

---



### પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ
### વેદાંત સ્વાધ્યાય કાર્યક્રમ

- તા. ૧-૨-૨૦૧૭ થી તા. ૨૮/૨/૨૦૧૭ સુધી
  સમય - સવારે ૮.૪૫ થી ૯.૩૦ વિષય પંચદશી સ્થળ - સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ, શ્રી પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, પ્રેમપુરી ચોક, મુંબઈ - ૪૦૦૦૦૭ www.prempuri.org
- તા. ૧-૨-૨૦૧૭ થી તા ૨૮/૨/૨૦૧૭ સાંજે - ૫.૩૦ થી ૬.૩૦ વિષય - ઐતરેય ઉપનિષદ ભાષ્યમ્ સ્થળ - બોમ્બે સ્પિરિચ્યુઅલ સેન્ટર, ૨ - ઈન્દ્રકુંજ લેબર્નમ રોડ (મણિભુવન પાસે) ગામદેવી મુંબઈ - ૪૦૦૦૦૭
- તા. ૧-૩-૨૦૧૭ થી તા ૭/૩/૨૦૧૭ સમય - સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વિષય - માંડુકયોપનિષદ ભાષ્યમ્ સ્થળ - સિનીયર સિટીઝન હોમ, મીરાધર જુનો મુંબઈ - પુના હાઈવે, કામશેર પુના - મહારાષ્ટ્ર - ૪૧૦૪૦૫
- તા. ૮-૩-૨૦૧૭ થી તા ૧૫/૩/૨૦૧૭ સમય - સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ અને સાંજે ૫.૦૦ થી ૬.૦૦ વિષય - સનાતન ધર્મ સ્થળ - અરૂણોદય સંસ્કૃતિ પ્રતિષ્કોન, તિલક નગર, શ્રી રામપુર, ડી - અહમદનગર (મહારાષ્ટ્ર) -૪૧૩૭૨૦૨











REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**




**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**

**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**

**"વેદ રહસ્ય કાર્યાલય"**

**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,**
**કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦**

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-